આજનો સુવિચાર

માનવીની અંદર જ સમાઈ જાય તે 'સ્વાભિમાન' અને માનવીની બહાર જે છલકાઈ જાય તે 'અભિમાન'

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૨ જૂનાગઢ તા.૨૬-૬-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 162, Junagadh : Date : 26 Jun, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# હિમાચલમાં મેઘતાંડવ : ૬ નાં મોત : અનેક લાપત્તા

સીમલા,તા. ૨૬ : હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે તબાહી મચી ગઈ છે. સિમલાના રામપુર અને હમીરપુરમાં વાદળ ફાટવાને કારણે ભારે નુકસાન થયું છે. અનેકસ્થળો પર હિમાચલપ્રદેશના લાઈફલાઈન રસ્તાઓ બંધ છે. ચંદીગઢ-મનાલી હાઈવે ૩ જગ્યાઓ પર બંધ થવાને કારણે સહેલાણીઓ અને ત્યાંના રહેવાસીઓએ કારમાં જ રાત પસાર કરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ૩ લોકોના મોત થયા છે અને ઘર તથા ગાડીઓને ભારે નુકસાન થયું છે. હમીરપુરુ જિલ્લાના સુજાનપુરમાં વાદળ ફાટ્યું છે, એક વ્યકિતનું ડૂબી જવાથી મોત થયું છે. કુલ્લૂના મોહલમાં નાળામાં પાણી વહેવાની સાથે ૩ ટ્રેક્ટર અને ૫ ગાડીઓ પણ વહી ગઈ છે. ચંબાના જોત રસ્તા પર ચુવાડીમાં ૪૦ ગાડીઓ ફસાઈ ગઈ છે, આ સ્થળે રસ્તાઓ બંધ છે.

ચંબાના ભરમૌરમાં હોલી રસ્તાપર આવેલ ચડામુખમાં એક કાર નદીમાં પડી હતી. કારમાં સવાર લોકોની તલાશ કરવા માટે NDRFના ૨૭ સભ્યોનું દળ ખડામુખ પહોંચી ગયું છે. સ્થાનિકો, પર્વતારોહીઓ, પોલીસ તથા વિદ્યુત પરિયોજનાની ટીમ દ્વારા સમગ્ર દિવસ શોધખોળ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, પરંતુ કંઈ હાથ લાગ્યુ નથી. હિમાચલમાં ચોમાસાની એન્ટ્રી થતા જ ૬ લોકોના મોત થયા છે. પહાડ પરથી પડી જવાથી, રોડ દુર્ઘટના અને લેન્ડસ્લાઈડને કારણે લોકોએ જીવ ગુમાવ્યો છે.

## હરીયાણાનાં પંચકુલામાં વાદળ ફાટયું મહિલા સાથે કાર નદીમાં તણાઈ

પંચકુલા તા. ૨૬

હરિયાણાના પંચકુલામાં ભારે વરસાદના કારણે જનજીવન જોખમમાં મુકાયું છે. પંચકુલામાં વાદળ ફાટવાને કારણે અનેક ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા તેમજ પંચકુલા પાસે એક મહિલા તેના પરિવાર સાથે ઘગ્ગર નદીની પૂજા કરવા માટે આવી હતી અને તેની કાર નદી કિનારે પાર્ક કરી હતી. નદીમાં અચાનક પાણી આવી જતાં કાર સાથે મહિલા નદીમાં તણાઈ ગઈ હતી જો કે બચાવ કર્મીએ દોરડાની મદદથી મહિલાને બચાવી હતી અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

## ઉત્તારાખંડમાં ભારે વરસાદ કેદારનાથ યાત્રા રોકી દેવાઈ

દહેરાદૂન તા. ૨૬ : ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે કેદારનાથ યાત્રા પર રોક લગાવી દેવામાં આવી છે. રૂદ્રપ્રયાગના જિલ્લા આપતિ વ્યવસ્થાપન અધિકારીએ જણાવ્યું હતું કે ગૌરીકુંડથી કેદારનાથ સુધી જોરદાર વરસાદ પડી રહયો છે. સવારે યાત્રીઓને સોન પ્રયાગ અને ગૌરીકુંડથી આગળ નહોતા જવા દેવાયા. કેદારનાથ પગપાળા માર્ગ પર ભારે વરસાદને લઈને યાત્રીઓને વિભિન્ન પડાવો પર રોકવામાં આવ્યા છે. પગપાળા માર્ગો પર અનેક ઝરણાઓ ઉભરાઈ રહ્યા છે. યાત્રીઓને વિભિન્ન પડાવો પર રોકવામાં આવ્યા છે. પુલો અને રસ્તાઓ તણાઈ ગયા છે.

## ઉજ્જૈન સ્થિત મહાકાલ મંદીરનાં ગર્ભગૃહમાં શ્રધ્ધાળુઓનાં જવા પર ૭૦ દિવસ સુધી પ્રતિબંધ

ઉજ્જૈન, તા.૨૬ : વિશ્વ પ્રસિદ્ધ મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં શ્રાવણ-ભાદરવા દરમિયાન ૭૦ દિવસ સુધી શ્રદ્ધાળુઓના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ દરમિયાન કોઈ VIPને પણ પ્રવેશ મળશે નહીં. ઉપરાંત ૧૧ જુલાઈથી ઉજ્જૈનના શ્રદ્ધાળુઓને અલગ ગેટમાંથી મંદિરમાં પ્રવેશ મળશે. શ્રી મહાકાલેશ્વર પ્રબંધન સમિતિની બેઠકમાં લાડુના પ્રસાદની કિંમતો વધારવાનો નિર્ણય પણ પાસ કરાયો છે.

શ્રી મહાકાલેશ્વર મંદિર પ્રબંધન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ૪ જુલાઈથી ૧૧ સપ્ટેમ્બર સુધી શ્રી મહાકાલેશ્વર ભગવાનના ગર્ભગૃહના ભક્તોના દર્શન પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ દરમિયાન ૧૫૦૦ રૂપિયાના જલાભિષેકની રસીદ પણ બંધ રહેશે. આ સાથે ભક્તો સરળતાથી દર્શન કરી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરાઈ રહી છે. જેના કારણે તમામ ભક્તો સરળતાથી દર્શન કરી શકશે.

## ગુજરાતમાં આગામી પાંચ દિવસ અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ તા. ૨૬

ગુજરાતમાં વિધિવત રીતે ચોમાસું બેસી ગયુ છે અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદને પગલે જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે ત્યારે હવમાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારેવરસાદની આગાહી કરી છે તેમજ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૨૪ કલાક બાદ ચોમાસાનું જોર વધી શકે છે. આ દરમિયાન આજે સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે હવામાન વિભાગ દ્વાર આપવામા આવેલી આગાહી મુજબ દ્વારકા, જામનગર, મોરબીમાં તેમજ સુરેન્દ્રનગર, જૂનાગઢ, બોટાદમાં વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ, કચ્છ, અમરેલી, ભાવનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, નર્મદા, ભરૂચ, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, દાહોદ, પંચમહાલ, વડોદરા, સુરત, તાપી, વલસાડ, ડાંગમાં વરસાદ થઈ શકે છે.

## આગામી ૪૮ કલાક દરમ્યાન દેશનાં અનેક રાજયોમાં અતિભારે વરસાદની આગાહી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૬

દેશની રાજધાની દિલ્હી સહિત અનેક રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે અને ગઈકાલથી જ દેશના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહયો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણ જેવા પ્રદેશોમાં ગઈકાલથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અનેક શહેરોમાં હવામાન બદલાતા અને ભારે વરસાદ ખાબકતા જનજીવન પર અસર દેખાઈ રહી છે. કેટલીક જગ્યાએ ભારે વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ભરાય જવાને પગલે રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા છે તો કેટલાક શહેરમાં પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.

દેશના મોટાભાગના રાજ્યોમાં ચોમાસાનો વિધિવત રીતે પ્રારંભ થઈ ગયો છે. જેના કારણે અનેક જગ્યાએ મધ્યમ અને ભારે વરસાદ થયો હતો. હિમાલયન રાજ્ય ઉત્તરાખંડના કેદારનાથમાં ભારે વરસાદને કારણે યાત્રા ખોરવાઈ ગઈ હતી, જ્યારે બદ્રીનાથ ધામ પાસે કંચન ગંગામાં ઘોડાપુરને કારણે બદ્રીનાથ હાઈવે લગભગ ૩૦ મીટર ધોવાઈ ગયો હતો. આ ઉપરાંત પૂર્વોત્તર રાજ્ય આસામમાં પૂરના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. મહારાષ્ટ્રમાં, મુંબઈમાં બાલ્કનીમાંથી પડી જવાથી બે વરિષ્ઠ નાગરિકોના મોત થયા છે. છત્તીસગઢના જશપુરમાં વીજળી પડવાથી એક જ પરિવારના બે લોકોના મોત થયા છે. વરસાદને કારણે અનેક જગ્યાએ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રેલ અને માર્ગ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. ભારે વરસાદને પગલે અનેક ફ્લાઈટોને ડાયવર્ટ કરવી પડી હતી. રસ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો જેવા મળી રહ્યા છે તેમજ અનેક શહેરોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે.

## મણીપુરમાં સૌન્યની વ્યાપક કાર્યવાહી ૧૨ બંકરો નષ્ટ કરાયા : ૧૩૫ની ધરપકડ

ઈમ્ફાલ, તા. ૨૬

છેલ્લા ૨૪ કલાકમાં હિંસા પ્રભાવિત મણિપુરમાં વિભિન્ન જિલ્લાઓમાં કેન્દ્રીય સુરક્ષા દળોએ કથિત રીતે ઉગ્રવાદીઓ દ્વારા બનાવવામાં આવેલા ૧૨ બંકરોને નષ્ટ કરી દીધા છે. પોલીસે આ જાણકારી આપીછે. મણિપુર પોલીસે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું કે, રાજ્ય પોલીસ અને કેન્દ્રીય દળોએ તામેંગલોંગ, ઈમ્ફાલ ઈસ્ટ, બિષ્ણુપુર, કાંગપોકપી, ચુરાચંદપુર અને કાકચિંગ જિલ્લામાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને પહાડીઓ અને ઘાટીમાં ૧૨ બંકરો નષ્ટ કર્યા છે. મણિપુર પોલીસે જણાવ્યું કે સ્થિતિ તંગ છે પરંતુ કેટલાક સ્થળો નિયંત્રણમાં છે કેટલાક છૂટાછવાયા બનાવો બન્યા છે પરંતુ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સ્થિતિ સામાન્ય છે.

નિવેદનમાં જણાવ્યું કે, સૈન્યએ કર્ફ્યુ ઉલ્લંઘન, ત્યજી દેવાયેલા મકાનોમાં ચોરી, આગચંપી વગેરે મામલે ૧૩૫ લોકોની ધરપકડ કરી છે. વધુમાં જણાવ્યું છે કે, કુલ ૧૧૦૦ હથિયારો, ૧૩૭૦૨ દારૂગોળો અને વિવિધ પ્રકારના ૨૫૦ બોમ્બ અત્યાર સુધીમાં મળી આવ્યા છે. રાજયના વિવિધ ભાગોમાં ફ્લેગ માર્ચ, વિસ્તાર પ્રભુત્વ, ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

## હવે જૈન મંદિરોમાં પણ ડ્રેસ કોડ લાગુ : જીન્સ, હાફ પેન્ટ, ફ્રોક ફાટેલા કપડા નહી ચાલે

પ્રયાગરાજ,તા. ૨૬ : હવે દિગંબર જૈન સમાજના મંદિરોમાં પણ ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. સકલ જૈન સમાજે શ્રી દિગંબર જૈન પંચાયતી મંદિર ઝીરો રોડ, ઋષભદેવ તપોસ્થલી અંડાવા, કટરા અને બેનીગંજ મંદિરોમાં જીન્સ, હાફ પેન્ટ, ફ્રોક્સ, વિકૃત કપડા, તેજસ્વી અથવા ભપકાદાર વસ્ત્રો પહેરીને આવતા લોકો પર પ્રતિબંધ મૂક્યો છે. મહિલાઓ અને છોકરીઓને ખાસ વિનંતી કરવામાં આવી છે કે તેઓ માથું ઢાંકીને મંદિરમાં પ્રવેશ કરે. સાધારણ અને યોગ્ય વસ્ત્રો પહેરીને આવનારને જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે. આ મંદિરોમાં બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. દિગંબર જૈન સમાજના મંત્રી રાજેશ જૈને અનુરોધ કર્યો છે કે સાધારણ અને શિષ્ટ વસ્ત્રો પહેરીને જ મંદિરોમાં પ્રવેશ કરવો. તેથી જ પ્રયાગરાજમાં તેની શરૂઆત કરવામાં આવી છે. મંદિરમાંઆવતા ભક્તોએ માથું ઢાંકીને દર્શન કરવાનો પ્રયાસ કરવો જોઈએ અને સંપૂર્ણ કાળા કપડાં પહેરીને પ્રવેશવાનું ટાળવું જોઈએ. પ્રતિકૂળ પરિસ્થિતિઓઅને પશ્ચીમી સંસ્કૃતિને ટાળો. પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર કટરાના મંત્રી અખિલેશ ચંદ્ર જૈને જણાવ્યું કે આચાર્ય વિદ્યાસાગર મહારાજે મંદિરોમાં સંયમિત વષો પહેરીને ભક્તોના પ્રવેશને સુનિતિ કરવા સૂચના આપી હતી.

## ફરી એકવાર ઈન્ડીગોની ફલાઈટ પાકિસ્તાની એરસ્પેસમાં ઘુસી ગઈ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૬ : ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોની એક ફ્લાઈટ પાકિસ્તાની એરસ્પેસમાં પ્રવેશી હતી. આ જાણકારી એરલાઈન્સ કંપનીએ આપી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ઈન્ડિગોની ફ્લાઈટ 6e-2124 થોડા સમય માટે પાકિસ્તાનના એરસ્પેસમાં જતી રહી હતી. ત્યારબાદ તેને અમૃતસર તરફ લઈ જવામાંઆવી હતી. એરલાઈન કંપનીના જણાવ્યા અનુસાર, આ ફ્લાઈટ જમ્મુ જઈ રહીહતી ત્યારે ખરાબ હવામાનને કારણે તેને પોતાનો રૂટ બદલવો પડ્યો હતો.

ફ્લાઈટના પાઈલટના જણાવ્યા અનુસાર, હવામાન એટલું ખરાબ થઈ ગયું હતું કે તેને થોડા સમય માટે પાકિસ્તાનના એરસ્પેસમાં જવાની ફરજ પડી હતી, જોકે તેના થોડા સમય બાદ ફ્લાઈટ ભારતીય હવાઈ ક્ષેત્રમાંપરત આવીગઈ હતી. આ અંગે માહિતી આપતા ઈન્ડિગોના એક અધિકારીએ જણાવ્યું કે પાઈલટ દ્વારા સંબંધિત અધિકારીઓને માહિતી આપવામાં આવી હતી. પાઈલટે ખરાબ હવામાન વિશે અધિકારીઓને જાણ કરી અને ક્હ્યું હતું કે તેને પાકિસ્તાની એરસ્પેસમાં પ્રવેશ કરવો પડશે, ત્યારબાદ અધિકારીઓએ તેને મંજૂરી આપીહતી. અધિકારીએ ક્હ્યું કે સમગ્ર ડાયવર્ઝન લાહોર અને જમ્મુ એટીસી દ્વારા સારી રીતે સંકલન કરવામાંઆવ્યું હતું. આખરે ફ્લાઈટને અમૃતસર ડાયવર્ટ કરવામાં આવી હતી. ત્યારબાદ એરપોર્ટ પર ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

## ઓરીસ્સામાં બે બસ વચ્ચે ભયાનક અકસ્માત : ૧૦ વ્યકિતનાં મોત

ભુવનેશ્વર,તા. ૨૬: ઓરીસ્સા ગંજમ જિલ્લાના દિગપહાંડી પોલીસ સીમા હેઠળ ખેમુંડી કોલેજ પાસે મોડી રાત્રેએક દુઃખદ બસ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા હતા અને ૨૦ લોકોઘાયલ થયા હતા. અહેવાલો અનુસાર, લગ્ન સમારોહની રાયગડાથીભુવનેશ્વર જઈ રહેલી બસ દિગપહાંડીમાં ખેમુંડી કોલેજ પાસે સરકારી બસ સાથેઅથડાઈ હતી.

ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે બરહામપુર સ્થિત હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલ અનુસાર ગંજમ જિલ્લાના જિલ્લામેજિસ્ટ્રેટ દિવ્યા પરિદાને જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા હતા, જયારે ૮ લોકો ઘાયલ થયા હતા. તેમણે કહ્યું, ' બે બસની ટક્કરમાં ૧૦ લોકોના મોત થયા હતા. ઘાયલોને તાત્કાલિક MKCG મેડિકલ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

## ૬ દિવસનો વિદેશ પ્રવાસ પુર્ણ કરી વડાપ્રધાન ભારત પરત

### દિલ્હી એરપોર્ટ પર વડાપ્રધાને જે.પી. નડ્ડાને પુછયું, દેશમાં શું ચાલી રહયું છે ?

નવી દિલ્હી, તા. ૨૬ : વડાપ્રધાન મોદી અમેરિકા અને ઈજિપ્તની મુલાકાત બાદ ગત મોડી રાત્રે સ્વદેશ પરત ફર્યા હતા. ૧૨.૩૦ કલાકે પીએમનું વિમાન દિલ્હીના પાલમ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને દિલ્હીના તમામ સાત સાંસદોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. બીજેપી નેતાઓએ જણાવ્યું કે પીએમે અહીં બધાની ખબર-અંતર પૂછ્યું અને કહ્યું કે, તમે રાત્રે એરપોર્ટ પર આવવા માટે તમારી ઊંઘમાં કેમ ખલેલ પહોંચાડી. પીએમએ પૂછ્યું કે દેશમાં શું ચાલી રહ્યું છે. નડ્ડાએ પીએમને કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર ચાલી રહેલા કાર્યક્રમ વિશે પણ માહિતી આપી હતી.

બીજેપી સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે તેમણે (પીએમ) નડ્ડાને પૂછ્યું કે અહીં શું ચાલી રહ્યું છે. જે.પી.નડ્ડાએ તેમને કહ્યું કે સરકારના ૯ વર્ષ પૂરા થવા પર પાર્ટીના નેતાઓ રિપોર્ટ કાર્ડ લઈને જનતા સુધી પહોંચી રહ્યા છે અને દેશ ખુશ છે.

## ૧૫ વિપક્ષી પાર્ટીઓનાં ગઠબંધનનું નામ PDA હશે

પટણા, તા.૨૬ :

પટણામાં યોજાઈ બેઠક બાદ તમામવિપક્ષોએ એકતા બતાવીપ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને તમામ પક્ષો એક હોવાનું જણાવ્યું હતું. પટણાની બેઠક સફળ થયા બાદ બીજી બેઠક શિમલામાં યોજવાની જાહેરાત કરાઈ હતી. જોકે આ બેઠક યોજાઈ તે પહેલા જ કેટલીક બાબતો બહાર આવી રહી છે. વાસ્તવમાં CPIના મહાસચિવ ડી.રાજાના જણાવ્યા અનુસાર નવા ગઠબંધનનું નામ નક્કી થઈ ગયું છે. ડી.રાજાના જણાવ્યા અનુસાર ૧૫ વિપક્ષી પાર્ટીઓના આ ગઠબંધનનું નામ PDA હશે.


**દુકાન વેચવાની છે**

વલ્લભાશ્રય માર્કેટ,
ગ્રાઉન્ડ ફલોર માંગનાથ રોડ સ્થિત
દુકાન વેચવાની છે

:: સંપર્ક ::
૯૭૨૩૮ ૯૮૪૮૫ / ૭૩૫૯૦ ૯૨૦૫૭

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર
દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦
વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ,
તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી
ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

**ચંદનનાં રોપા કેન્દ્ર - પ્લાસવા**

જન કલ્યાણ નર્સરી એન્ડ ફાર્મ
(ગામ પ્લાસવા)
સફેદ ચંદન, લાલ જાંબુ, લીંબુડી, લીલી ચા, કેસર આંબા, મીઠી તુલસી (સ્ટેવીયા) વગેરેના રોપા અમારે ત્યાંથી મળશે

ઘનશ્યામભાઈ સાવલીયા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬
કલ્યાણભાઈ સાવલીયા
મો. ૯૮૨૪૮ ૨૨૬૫૦

**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર
પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર
પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮
કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની
છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

સ્વાદની સોડમ એટલે...

તૃપ્તી



તૃપ્તી બ્રાન્ડ શુધ્ધ કપાસીયા તેલ તથા કૃષ્ણા બ્રાન્ડ શુધ્ધ સીગતેલનાં ઉત્પાદક

શ્રી કૃષ્ણ ઓઇલ મીલ

કૃષ્ણ એક્ષ્પોર્ટ ઈન્ડસ્ટ્રીઝ


મજેવડી દરવાજા બહાર, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૩, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪




# ૨૬ જુન-વિશ્વ ડ્રગ વિરોધી દિવસ

## "નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ ડીમાન્ડ રીડકશન" દ્વારા ડ્રગ્સના દુષણને ડામવા સરકાર સતત પ્રયત્નશીલ

**ડ્રગ્સના જીવલેણ નશા વિશે જાણકારી મેળવી તેનાથી દૂર રહેવા પ્રતિબદ્ધ થઇએ**



રાજકોટ, તા.૨૬

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૬મી જૂનને આંતરરાષ્ટ્રીય ડ્રગ દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરોધી દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જેની આ વર્ષની થીમ "પીપલ ફર્સ્ટ: સ્ટોપ ડીસ્ક્રીમિનેશન એ?ન્ડ સ્ટ્રેન્થન પ્રિવેન્શન" છે. ડ્રગના દુષણમાં ફસાયેલા અને તેને છોડવા પ્રયત્ન કરતા અથવા ડ્રગ્સ છોડી દીધેલ વ્યક્તિઓ સાથે થતો ભેદભાવ અને ગેરવર્તન તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આથી, વ્યક્તિકેન્દ્રીત ડ્રગ્સ વિરોધી નીતિ બનાવવા અને ડ્રગ લેતા પહેલા જ લોકોને રોકી શકાય તેવાં પ્રયત્નો કરવાનો સંદેશ આપવા માટે આ થીમ રાખવામાં આવી છે.

અફીણ, ગાંજો, ચરસ, બ્રાઉનસુગર, હેરોઇન, સ્મેક, વગેરે જેવા માદક દ્રવ્યોને ડ્રગ્સ ગણવામાં આવે છે. અત્યંત મોંઘા આ ડ્રગ્સના એક કે બેવારના ઉપયોગથી કોઈપણ માણસ તેનો બંધાણી બની જાય છે અને આ વ્યસનની તલપ સંતોષવા તે ગમે તે હદે જાય છે. ડ્રગ્સ ખરીદવા માટે પૈસા ન હોય તો ચોરી કે લુંટ કરતા પણ તે અચકાતા નથી. ઘણીવાર ડ્રગ્સ વેચનાર તેને નશા માટે પૈસા મેળવવા ડ્રગ્સ વેચતા કરી દે છે.

ઈન્જેક્શન દ્વારા ડ્રગ્સ લેવાથી એચ.આઇ.વી. અને એઇડ્સ તેમજ હેપેટાઇટીસ અને અન્ય જીવલેણ રોગોનો ખતરો પણ રહેલો છે. વધુ માત્રામાં ડ્રગ્સ લેવાઈ જાય તો વ્યક્તિનું મૃત્યુ પણ થઈ શકે છે. ડ્રગ્સના દુષણને રોકવા માટે યુવક/યુવતીઓ અને તેમના માતા-પિતા/વાલી ઉપરાંત શાળા/કોલેજોના સંચાલક, આચાર્યશ્રીઓ, હોસ્ટેલના ગૃહપતિ તેમજ સ્ટાફે પોતાની દેખરેખમાં રહેતા યુવાનો કેફી દ્રવ્યોના રવાડે ન ચઢી જાય તે માટે ડ્રગ્સ વિશે જાગૃત થઈને સતર્ક બનવું પડશે. આ માટે જાણ કર્યા વિના અચાનક હોસ્ટેલની મુલાકાત લઈ શકાય. માતા પિતા પણ ઘરથી દૂર રહેતા પોતાના સંતાનોની આકસ્મિક મુલાકાત લઈ શકે. વ્યક્તિ ગુમસુમ રહેતી હોય કે વર્તનમાં અચાનક પરિવર્તન જણાય તો તે વ્યસનનો શિકાર બન્યા હોય તેવું બની શકે. રાત્રે યુવાન/યુવતી ઘેર આવે ત્યારે તેમની વર્તણુંક ઉપર ધ્યાન આપવું જોઈએ. ખાનગી રીતે તેમના મોબાઈલ, પાકીટ, ખિસ્સા, કપડાં, બેગ, વાહન વગેરે ચકાસતા રહેવું જોઈએ. મોટેભાગે પાઉડર કે ગોળી રૂપે પડિકીમાં ડ્રગ્સ વેચવામાં આવતું હોય છે. ઘણીવાર તેને પાણી કે અન્ય પ્રવાહીમાં મેળવી ઈન્જેક્શન પણ લેતા હોય છે. તેમના હાથની નસમાં ઈન્જેક્શન મારવાની જગ્યાએ ઈન્જેક્શનના અનેક ડાઘ કે ચિન્હ જણાય તો બની શકે કે તે સોય દ્વારા ડ્રગ લેતાં હોય.

કોઈ સ્વજન આ વ્યસનનો ભોગ બને તો આ જીવલેણ નશાથી મુકત કરવા માટે તેને ભાવનાત્મક સહારો આપીને આ વ્યસન છોડવા પ્રેરીત કરવા જોઈએ. આ નશો છોડવો ખુબ જ મુશ્કેલ હોય છે અને મદદ વગર છોડી શકાતો નથી. આથી, તેમને નશાબંધી મંડળ જેવી સેવા ભાવી સંસ્થાઓ દ્વારા ચલાવાતા નશામુક્તી કેન્દ્રમાં દાખલ કરી શકાય છે. રાજકોટમાં વીરનગર ખાતે વ્યસનમુક્તિ અને પુનર્વસન કેન્દ્ર શિવાનંદ મિશન ખાતે આવેલ છે. જેનો ૦૨૮૨૧-૨૮૩૬૩૨ ફોન નંબર પર સંપર્ક કરી શકાય છે. કોલેજો અને સંસ્થાઓમાં રાજકોટ એસ.ઓ.જી. દ્વારા અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને વિદ્યાર્થિઓને ડ્રગ્સ થી દૂર રહેવા જાગૃત કરવામાં આવે છે.

જાગૃત નાગરીક તરીકે આપણા સૌની ફરજ છે કે આવી ગેરકાયદેસર પ્રવૃતિ કરતા લોકોને કાયદાના હવાલે કરવા. સ્કૂલ-કોલેજ કેમ્પસ તેમજ જાહેર કે ગુપ્ત જગ્યાઓએ વેચાણ થતું આપને જણાઈ આવે તો નિઃસંકોચ ગુપ્તરાહે નજીકના પોલીસ સ્ટેશન અથવા આ નંબરો ઉપર જાણ કરી શકાય છે. નાર્કોટીકસ સેલ-ગાંધીનગર (૦૭૯) ૨૩૨૫૪૩૭૪, ૨૩૨૫૪૩૮૦; રાજકોટ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમ ૧૦૦, ૦૨૮૧-૨૪૫૭૭૭૭; રાજકોટ શહેર એસ.ઓ.જી ૯૦૩૩૭૭૬૬૦૦; નાર્કોટીકસ ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૯૦૮. ડ્રગ્સના નશાથી દૂર રહેવા માટે પ્રતિજ્ઞા લેવા http://cbn.nic.in/en/pledge/ની મુલાકાત અવશ્ય લઈએ તેમજ સ્વજનોને પણ પ્રતિજ્ઞા લેવા પ્રેરીત કરીએ.

# રાજ્યનાં ૯૦થી વધુ ગામોમાં ઇન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા "આઓ ગાંવ ચલે" અભિયાનનો થયેલ પ્રારંભ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેવા-સુશાસન અને ગરીબ કલ્યાણના નવ વર્ષમાં વિકાસ છેક છેવાડાના ગામો સુધી વિસ્તર્યો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રાજયના ૯૦થી વધુ ગામોના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટેના "આઓ ગાંવ ચલે" પ્રોજેકટનું ગાંધીનગર જિલ્લાના સરઢવથી રિ-લોન્ચ કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગરીબ, વંચિત, પીડિત, નાનામાં નાના અને ગ્રામીણ લોકો સુધી અદ્યતન આરોગ્ય સેવાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વ્યાપકપણે વિસ્તરી છે. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં રાજ્યમાં મેડિકલ એજ્યુકેશનનો પણ જે વ્યાપ વધ્યો છે અને વધુ મેડિકલ કોલેજીસ શરૂ થતાં હવે દર વર્ષે રાજ્યમાં અંદાજે સાત હજાર જેટલા ડૉક્ટર્સઉપલબ્ધ થાય છે. એટલું જ નહીં, ગ્રામ્ય સ્તરે પણ હવે મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ્સની સુવિધાઓ મળતી થઈ છે અને તેના પરિણામે ગ્રામીણ કક્ષાએ અદ્યતન ઈલાજ સારવાર પણ ઉપલબ્ધ બની રહેશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષમાં વિકાસની રાજનીતિનો લાભ છેવાડાના વંચિત, ગરીબ લોકોને સુપેરે મળતો થયો છે.વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય રક્ષા યોજના 'આયુષ્યમાન ભારત'નું આરોગ્ય કવચ કરોડો જરૂરતમંદ લોકોને મળતું થયું છે. આ સેવાના મૂળમાં સુશાસન અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસની ભાવના છે, એમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીએ ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ગ્રામીણ નાગરિકોની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને "આઓ ગાઁવ ચલે" પ્રોજેક્ટ દ્વારા સરકાર સાથે સહયોગ કર્યો છે, તેની સરાહના કરી હતી અને સફળતાની શુભેચ્છાઓ આપી હતી.આ તકે તેમણે એમ પણ જણાવ્યું કે દેશના ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર સંસદીય મતક્ષેત્રના સાંસદ અમિત શાહે સરઢવ અને રાંધેજાને આરોગ્ય સહિતની સેવાના કામો માટે પાંચ-પાંચ કરોડ રૂપિયા પણ ફાળવેલા છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન, ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા સરઢવ ગામ ખાતે રેવાબાઇ હોસ્પિટલના સાનિધ્યમાં યોજાયેલા "આવો ગાવ ચલે" કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે રાજયના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે ગામડાના સર્વાંગી વિકાસ માટે શહેર સમોવડી સુવિધા ગામડામાં ઊભી કરીને ગ્રામજનોના આરોગ્યની ચિંતા, શિક્ષણની ચિંતા તેમજ કન્યા કેળવણીની ચિંતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકાસ માટે માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું જરૂરી છે. તેમણે ઉમેર્યુંહતું કે, આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યભરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તેમજ નવી સિવિલ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. આ તમામ આરોગ્ય કેન્દ્રો પર ડોક્ટર ઉપલબ્ધ થાય તે માટે રાજયના પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજની સ્થાપનાના લક્ષ્યાંક સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે પુરુષાર્થ કર્યો છે. જેના કારણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં આજે પ્રતિ વર્ષ ૬૩૫૦ ડોક્ટર્સ તૈયાર થઈ રહ્યા છે. નજીકના ભવિષ્યમાં નવી મેડિકલ કોલેજોનું નિર્માણ થતા આ આંકડો પ્રતિવર્ષ ૭૦૦૦ પર પહોંચશે. આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આયુષ્માન કાર્ડ અંતર્ગત જે પાંચ લાખ રૂપિયા સુધીની આરોગ્ય સહાય મળતી હતી તેમાં રાજ્ય સરકારે વધારો કરીને દસ લાખ રૂપિયા સુધીની કરી છે. ગુજરાતમાં શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાની ઉપલબ્ધિને કારણે ગુજરાત મેડિકલ ટુરીઝમ ક્ષેત્રે પણ અગ્રેસર છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ તકે આરોગ્ય મંત્રીએ નોન કોમ્યુનિકેબલ ડિસિઝ માટે લોકજાગૃતિ માટેના રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસોની પણ માહિતી આપી હતી. આ અભિયાનમાં સમાજને ઋણ ચુકવવાનો ભાવ રહ્યો છે. આઇ.એમ.એના પૂર્વ પ્રમુખ ડૉ. કેતન દેસાઈએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, દેશનો આત્મા ગામડામાં છે. ગામડાઓના કલ્યાણ વગર દેશનું કલ્યાણ કરવાની કલ્પના મુશ્કેલ છે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ – ૧૯૯૬ સુધી શહેરી કક્ષાએ ૭૦ ટકા આરોગ્યની સેવા મળી રહી છે. ૩૦ ટકા જ આરોગ્ય સેવા ગ્રામ્ય કક્ષાએ મળે છે. ડૉકટરો ગામડે જતાં નથી અને ૯૦ ટકા જેટલી મેડિકલ કોલેજો શહેરોમાં હતી. આ વાતને લક્ષમાં રાખીને ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવા વધુ સુદૃઢ બનાવવા માટે મેડિકલ કાઉન્સિલ દ્વારા મેડિકલ કોલેજની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર લાવવામાં આવ્યો હતો. એ નિયમોને કારણે આજે દેશમાં ૩૦૦ જેટલી મેડિકલ કોલેજ નાના શહેરો કે ગામડાઓમાં કાર્યરત છે. આરોગ્ય સેવાને વધુ સરળ બનાવવા માટે ડૉકટરો મુખ્ય છે. ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવા સરળતાથી આપી શકાય તેવા ઉમદા ભાવથી મેડિકલ એસોશિએશન દ્વારા આ ઉમદા 'ચલો ગાવ ચલે' કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે.

ઈન્ડિયન મેડિકલ એસોશિએશનના મંત્રી ડો. અનિલ નાયકે જણાવ્યું હતું કે, એસોશિએશનમાં સમગ્ર દેશના ૪ લાખ ૫૦ હજાર કરતા વધુ ડૉકટરો સભ્ય છે. તેમજ દેશના ૩૩ રાજયમાં ૧૭૦૦ સ્થળો ખાતે એસોશિએશન કાર્યરત છે. ગામડામાં ડૉકટર જતાં નથી, તેવી ફરિયાદના ઉમદા નિરાકણના ભાગરૂપે એસોશિએશન દ્વારા 'ચલો ગાવ ચલે' કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ થકી ૧૭૦૦ શાખાઓ દ્વારા ગામોને દત્તક લેવામાં આવશે. જેના દ્વારા ગામડાઓમાં મેડિકલ સુવિધા પૂરી પાડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી ગ્રામજનો અને તબીબીના સંબંધો બંધાશે. આ કાર્યક્રમ થકી વેક્સિનેશન અંગેની જાગૃત્તિ લાવવા સાથે સાથે તંદુરસ્ત આરોગ્ય અંગે પણ લોકોને જાગૃત્ત કરવામાં આવશે. તેમણે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રની સેવામાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. તેમજ મેડિકલ ટુરિઝમમાં ગુજરાત દેશનું હબ બની રહ્યું છે.

આરોગ્ય ક્ષેત્રમાં ગુજરાત દેશનું મોડલ સ્ટેટ ગણાય છે. આ પ્રસંગે ટી.બીના દર્દીઓને મહાનુભાવોના હસ્તે કિટ વિતરણ અને દીકરીઓને સેનેટરી નેપકિનનું વિતરણ કરાયું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી ડૉ. બિપીન પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ, ગાંધીનગર(ઉ) ના ધારાસભ્ય રીટાબેન પટેલ, મહાનગરપાલિકાના સ્ટેન્ડિગ કમિટીના ચેરમેન જસવંતભાઇ પટેલ, સરઢવ ગામના સરપંચ કિરીટભાઈ પટેલ, રેવાભાઇ હોસ્પિટલના ટ્રસ્ટી ડો. કે.ટી.પટેલ, ડો. કે.કે.પટેલ, આઇ.એમ.એ.ગુજરાત રાજયના પ્રમુખ ડો. મહાવીરસિંહ, જાણીતા ઉદ્યોગપતિ ગિરીશ પટેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગના કમિશનર ડૉ. ધવલ પટેલ સહિત આસપાસના ગામના સરપંચો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# મેડીકલ કોલેજોમાં નવા પીજી કોર્ષને મંજુરી અપાશે

નવી દિલ્હી તા.૨૬

દેશમાં આગામી સમયમાં મેડીકલ શિક્ષણ ક્ષેત્રે અનેક નવા ફેરફારો થવા જઈ રહ્યા છે. જેમાં હવે ભવિષ્યમાં યોગ્ય સુવિધા ધરાવતી મેડીકલ કોલેજોને એમબીબીએસ જેવા અન્ય તબીબી ડીગ્રી કોર્ષ પણ ઓફર કરવાની મંજુરી અપાશે. નેશનલ મેડીકલ કમીશન દ્વારા માન્યતા પ્રાપ્ત મેડીકલ કોલેજોને તબીબી અભ્યાસક્રમની બેઝીક કોર્ષની સાથે સમન્વય કરીને વધુ આધુનિક તબીબી ટેકનોલોજી સાથેના અભ્યાસક્રમ ઘડવાની છૂટ આપશે. આ અંગે મેડીકલ કોલેજો પાસેથી ખાસ પ્રસ્તાવ માંગવામાં આવ્યા છે જે માન્યતા પ્રાપ્ત કોલેજો ડીગ્રી અને પોષ્ટ ગ્રેજ્યુએશનમાં આ પ્રકારે ખાસ કોર્ષ ઓફર કરી શકશે. ખાસ કરીને પોષ્ટ ગ્રેજયુએશનમાં નવા અભ્યાસક્રમને વધુ તક હશે. જયારે નવા નવા સંશોધનો અને નવી ટેક્નોલોજીના આધારે રોગોની સારવાર વધુ સરળ બની છે તો અનેક નવા રોગ જે લોંગ કોવિડના કારણે જે નવા કોમ્લીકેશન સર્જાયા છે તેને પણ નવા અભ્યાસક્રમમાં આવરી લેવાશે. આ અંગે જો કે એક ખાસ બોર્ડ જ સમીક્ષા કરીને મંજુરી આપશે. ઉપરાંત નવી શરૂ થતી મેડીકલ કોલેજોમાં હવે વધુમાં વધુ ૧૫૦ બેઠકો જ હશે. જે હાલ ૨૫૦ બેઠકો સુધીની મંજુરી આપવામાં આવે છે તેના સ્થાને હવે ૧૫૦ બેઠકો જ હશે. જો કે જેમને ૧૫૦થી ૨૫૦ બેઠકો સુદીની મંજુરી મળી ગઈ છે.

## ખાલી પેટે તરબૂચ ખાવાથી લિવરની સમસ્યામાં વધારો થઇ શકે છે

# લીવરના રોગોને કારણે અંદાજે ૨ મિલિયન લોકો મૃત્યું પામે છે

નવી દિલ્હી, તા.૨૬

લીવર આપણાં શરીરનું મહત્વનુ અંગ કહી શકાય છે. આપણી રોજબરોજની પ્રવૃત્તિઓ આપણે સારી રીતે પૂર્ણ કરી શકીએ તેની ખાતરી કરવાનું કામ પણ લીવરનું જ છે. લીવર લોહીમાંથી ઝેરી તત્વોને દૂર કરવાથી લઈને ખોરાકને યોગ્ય રીતે પચાવવાનું કામ કરે છે. તે ચયાપચયથી આખા શરીરના કાર્યને સંતુલિત કરે છે. લીવરમાં સહેજ પણ ગરબડ આખા શરીર પર અસર કરે છે. ડિટોક્સિફિકેશન, મેટાબોલિઝમ, પ્રોટિન સિન્થેસિસ વગેરે સાથે લીવર કુલ ૫૦૦થી વધુ કાર્યો શરીરમાં કરતું હોય છે. એક રીતે લીવરને શરીરનું પાવરહાઉસ કહેવુંપણ કંઈ ખોટું નથી. એવામાં લીવરનું સ્વાસ્થ જાળવવું પણ ખૂબ જરૂરી છે. વૈશ્વિક સ્તરે લીવરના રોગોને કારણે અંદાજે ૨ મિલિયન લોકો મૃત્યુ પામે છે. ભારતમાં પણ આ સ્થિતી ચિંતાજનક છે. ભારતમાં લગભગ ૫ માંથી ૧ વ્યકિત લીવરના કોઈને કોઈ રોગ અથવા સમસ્યાથી પીડાતો હોય છે. જો કે ખુશીની વાત એ છે કે મોટા ભાગના લીવરના રોગો અટકાવી શકાય તેવા હોય છે. પોતાની જીવનશૈલીમાં સરળ છતાં અસરકારક ફેરફારોને સ્થાન આપીને આપણે આપણી જાતને લીવરના રોગોથી સુરક્ષિત કરી શકીએ છીએ અને લીવરના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપી શકીએ છીએ. લીવરના સ્વાસ્થ માટે પ્રથમ અને સૌથી નિર્ણાયક પગલાંઓમાંનું એક દારૂ અને આલ્કોહોલના સેવનને પ્રતિબંધિત કરવાનો છે. સ્ત્રીઓ માટે દરરોજ એક ડ્રિંક એટલે કે ૩૦મિલી હાર્ડ લિકર અને પુરુષો માટે દરરોજ બે ડ્રીંક એટલે કે ૬૦ મિલી હાર્ડ લિકર સુધી આલ્કોહોલનું સેવન મર્યાદિત કરવાથી લીવરને થતા સંભવિત નુકસાનને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. પહેલેથી જ લીવર રોગથી પીડાતિ હોય તે વ્યક્તિઓને દારૂ અને આલ્કોહોલિક પીણાંનો સંપૂર્ણ ત્યાગ કરવાની સલાહ આપવામાં આવે છે. નોન-આલ્કોહોલિક ફેટી લીવર જેવા રોગ સામે રક્ષણ આપવા માટે શરીરનું સ્વસ્થ અને સપ્રમાણ વજન જાળવી રાખવું પણ મહત્વપૂર્ણ છે. વધુ પડતું વજન કે મેદસ્વીતા અને પેટની ચરબીનું વધુ પ્રમાણ ફેટી લીવરના રોગના જોખમમાં વધારો કરે છે. સ્વસ્થ વજન જાળવવી રાખવા માટે ફળો, શાકભાજી અને હાઈ ફાઇબરવાળા ખોરાકને આહારમાં સામેલ કરી બેલેન્સલ ડાયટ લેવી જરૂરી છે. આ સિવાય તમારે હાઈ કેલરી, ચરબીયુક્ત અને કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાક જેમ કે તેલ, ઘી, ચીઝ, ખાંડવાળી વસ્તુઓ અને મેંદાના લોટ થી બનતા ઉત્પાદનોનુ સેવન ટાળવું અથવા પ્રમાણસર સેવન કરવું. એક કરતા વધારે પાર્ટનર સાથે અસુરક્ષિત જાતીય સંબંધો અને ગેરકાયદેસર ડ્રગનું સેવન વગેરે પણ વ્યક્તિઓને વાયરલ હિપેટાઈટિસ B અને Cના ચેપથી ગ્રસ્ત કરી શકે છે. આ ટેવોને ટાળીને વાયરલ હિપેટાઈટિસ ટ્રાન્સમિશનના જોખમને ઘટાડી શકાય છે. આ સિવાય હિપેટાઈટિસ B સામે રક્ષણ માટે રસીકરણ અત્યંત અસરકારક છે. હવે હિપેટાઈટિસ છ માટે પણ રસી ઉપલબ્ધ છે. વ્યક્તિ યોગ્ય પર્સનલ હાઈજીન જાળવી રાખીને પણ લીવરની સ્વસ્થતા જાળવી રાખી શકે છે. આ બીજું સૌથી

# જુની પેન્શન યોજના ભાજપ સરકાર માટે માથાનો દુ:ખાવો : કોંગ્રેસ માટે નવી આશા

નવી દિલ્હી,તા. ૨૬

પક્ષ કરતા દેશ મોટોનું સૂત્ર આપનારી સત્તાધારી ભારતીય જનતા પાર્ટી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાના મામલે સરકારની આર્થિક તબિયત અને લગભગ પાંચ કરોડ મત વચ્ચેના કકળાટમાં ફસાઈ ગઈ છે. પ્રથમ ત્રણ રાજયોની વિધાનસભાની ચૂંટણી અને આવતા વર્ષે લોકસભાની ચૂંટણીમાં OPS (ઓલ્ડ પેન્શન સ્કીમ) મુદ્દે ભાજપને મજૂર વર્ગના મતોની ચિંતા છે, જયારે વિપક્ષ એકપછી એક રાજયમાં OPS લાગુ કરવાનું વચન આપીને ચૂંટણીનો ફાયદો ઉઠાવી રહ્યો છે. અન્ય કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ તાજેતરમાં જબલપુરમાં જાહેરાત કરી હતી કે મધ્યપ્રદેશમાં સરકાર બનાવ્યા બાદ OPS લાગુ કરવામાં આવશે. હાલમાં ભાજપના નેતાઓ આનો ઉકેલ શોધી શકતા નથી. એવું માનવામાં આવે છે કે સામાજિક સુરક્ષાના નામે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દેશભરમાં ફરી OPS લાગુ કરવાનું વચન આપી શકે છે. જો કે, રિઝર્વ બેંક અને અર્થશાસ્ત્રીઓ OPS માં પરત આવવાને અર્થતંત્ર અને ભાવિ પેઢીઓ પર ભારે બોજ માને છે.

OPSના મુદ્દે, ભાજપ એવો રસ્તો શોધી રહી છે કે રાજયઅને કેન્દ્ર સરકારના આર્થિક સ્વાસ્થ્યને વધુ નુકસાન પહોંચાડ્યા વિના નવી પેન્શન યોજનાને આકર્ષક અને ગેરેન્ટેડ બનાવવાનો વિકલ્પ અપનાવવામાં આવે. આ અંતર્ગત કેન્દ્ર સરકારે નાણાં સચિવ ટી.વી. સોમનાથનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. કર્મચારીઓના આંદોલનને પગલે મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ સરકારે OPSમાં ગેરંટી પેન્શનની તપાસ માટે એક સમિતિની રચના પણ કરી છે. વિધાનસભા ચૂંટણીમાં હાર પહેલા કર્ણાટકમાં ભાજપ સરકારે OPSના અમલીકરણ અંગે વિચારણા કરવા માટે એક સમિતિની રચના કરી હતી, પરંતુ તે કામ ન કરી શકી અને ભાજપ સત્તામાંથી બહાર ફેંકાઈ ગઈ.

## રાજકોટમાં ચાલુ વરસાદમાં

# ઓવર સ્પીડ કાર સીધી ઝાડ સાથે અથડાઇ હવામાં ફંગોળાઇ

રાજકોટ, તા.૨૬ : શહેરમાં વર્ષાઋતુનનો વિધિવત રીતે પ્રારંભ થઈ ગયો છે. રવિવારે રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જોકે, આ વરસાદના કારણે રાજકોટમાં એક મોટી દુર્ઘટના બનતા ટળી હતી. રાજકોટ શહેરમાં એક કાર બેકાબૂ બની હતી અને વૃક્ષ સાથે અથડાઈ ગઈ હતી. રાજકોટ શહેરમાં રવિવારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. શહેરમાં પડેલા ધોધમાર વરસાદથી લોકોમાં ખુશી જોવા મળી હતી. જોકે, વરસાદના કારણે રાજકોટમાં એક દુર્ઘટના બનતા ટળી હતી. રાજકોટ શહેરમાં રવિવારે સાંજના સમયે એક કાર પૂરપાટ ઝડપે રિંગ રોડ પર નીકળી હતી. આ સમયે આ કાર ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને સીધી જ વૃક્ષ સાથે અથડાઈ ગઈ હતી. આ કાર ઓવર સ્પીડમાં હોવાનું પણ પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું. આ કારની સ્પીડ એટલી હતી કે, તે ઝાડ સાથે અથડાયા બાદ હવામાં ફંગોળાઈ ગઈ હતી. ઝાડ સાથે અથડાયેલી આ કારમાં સવાર બે યુવાનોને ઈજા પહોંચી હતી. સામાન્ય રીતે રવિવારે રેસકોસ રીંગરોડ એ લોકોના ટ્રાફિકથી ધમધમતો હોય છે. ખાસ કરીને રવિવારની સાંજે રેસકોર્સ રીંગરોડ પર બેસવાની પણ જગ્યા નથી હોતી. જોકે, આજે રવિવાર હતો પરંતુ વરસાદના કારણે લોકો રીંગરોડ પર ફરવા નહોતા નીકળ્યા. જે સમયે કાર ઝાડ સાથે અથડાય ત્યાં વરસાદના કારણે સદનસીબે કોઈ હાજર ન હતું. જો લોકોની હાજરી હોત તો કદાચ કોઈને મોટી ઈજા પહોંચી શકતી હતી. આ ઘટનામાં બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલે ખસેડ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નામ બદલવાની બાબતે નકામો વિવાદ !!

તાજેતરમાં જ દિલ્હીના નહેરૂ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલયનું નામ બદલીને મોદી સરકારે વડાપ્રધાન સંગ્રહાલય અને પુસ્તકાલય કરી દીધું છે. એ જ પરિસરમાં નેહરુ સહિત ભારતના તમામ વડાપ્રધાનોનું એક વિશ્વસ્તરીય સંગ્રહાલય બનાવવામાં આવ્યું હતું. તેના આધાર પર જ નહેરૂ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલય સોસાયટીના સદસ્યોએ તેનું નામ બદલવાનો નિર્ણય લીધો. કોંગ્રેસના નેતા સોસાયટીના આ પગલાથી લાલચોળ થઈ ગયા છે. કોંગ્રેસ અધ્યક્ષે લાંબું ટ્વીટ લખીને એના પર વાંધો ઉઠાવ્યો છે અને ભારતીય જનતા પાર્ટીને નિશાન પર લીધી છે. આ તો થઈ રાજકારણની વાતો. જયારે પણ કોઈ જિલ્લા, શહેર, ભવન કે રોડ વગેરેનાં નામ બદલાય છે ત્યારે તેના પર વિવાદ ઊભો કરવામાં આવે છે. નિવેદનબાજી અને રાજનીતિ પણ કરવામાં આવે છે. આ તો સ્વાધીનતા બાદથી જ ચાલતું આવ્યું છે.

સૌથી પહેલાં આપણે એ જાણી લઈએ કે નહેરૂ સ્મારક સંગ્રહાલય અને પુસ્તકાલય કઈ પરિસ્થિતિઓમાં અને કયા ઉદ્દેશ્યો માટે બનાવવામાં આવ્યું હતું. નહેરૂની કેબિનેટમાં શિક્ષણ મંત્રી રહેલા એમ. સી. છાગલાની આત્મકથા છે 'રોઝિસ ઈન ડિસેમ્બર'. આ પુસ્તક ભારતીય વિદ્યા ભવનથી પ્રકાશિત છે. તેમાં છાગલાએ નેહરુના કાળખંડની ઘણી બધી સ્મૃતિઓનું વર્ણન કર્યું છે. તેમણે સ્વાધીન ભારતમાં ઈતિહાસ લેખન પ્રારંભ કરવાના પ્રસંગ પર પણ લખ્યું છે. છાગલા ઉપનિવેશિક ઈતિહાસકારોના લખાણથી સંતુષ્ટ ન હતા. દેશના ઈતિહાસને નવેસરથી લખાવવા માટે તેમણે દિલ્હી યુનિવર્સિટીમાં લેક્ચરર રહેલાં મિસ થાપરને પસંદ કર્યાં. છાગલા અનુસાર, મિસ થાપર તર્કવાદી અને આધુનિક વિચારોનાં મહિલા હતાં. પૂર્વગ્રહથી પણ મુક્ત. તેમણે ઈતિહાસનાં બે પુસ્તકો તૈયાર કર્યાં. તે ઉપરાંત તેઓ નેહરુ સંગ્રહાલય અને પુસ્તકાલયની સ્થાપનાની કહાની પણ જણાવે છે. તેઓ લખે છે - 'નહેરૂના નિધન બાદ મેં એવી વ્યવસ્થા કરી કે તીન મૂર્તિ ભવનનો એક હિસ્સો એ જ રીતે સાચવવામાં આવે જે રીતે નેહરુના જીવિત રહેતાં હતો. હું ઈચ્છતો હતો કે આખા ભારતવર્ષથી લાખો લોકો આવે અને આ ઘરને રાષ્ટ્રમંદિર તરીકે જુએ. એ સમયના રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને એક ભવ્ય સમારોહમાં તીનમૂર્તિ ભવનને એ ઉદ્દેશ્ય માટે સમર્પિત કર્યું. પરંતુ હું એમ નહોતો ઈચ્છતો કે આ માત્ર એક સંગ્રહાલય તરીકે રહે, મૃતઃપ્રાય સ્થિતિમાં રહે, બલ્કે મારી ઈચ્છા હતી કે તે વિચાર અને આદર્શના જીવંત કેન્દ્ર રૂપે વિકસિત થાય. તેને ધ્યાનમાં રાખતાં ત્યાં એક પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. આ પુસ્તકાલયમાં આધુનિક ભારતની પ્રગતિ સંબંધિત પુસ્તકો એ સામગ્રી મૂકવાની યોજના બની. તેને ધ્યાનમાં રાખતાં આ વિષયથી સંબંધિત ઉપલબ્ધ પુસ્તકો એકત્ર કરવામાં આવ્યાં. છાત્રોને પુસ્તકો લખવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. એ લોકોના અનુભવોને ટેપ પર રેકોર્ડ કરવામાં આવ્યા જે નેહરુ દ્વારા મળ્યા હતા. હવે સમસ્યા એક એવા ડાયરેક્ટરને શોધવાની હતી કે જે આ પ્રકારના કાર્યોમાં રુચિ ધરાવતા હોય. પછી મારી નજર રેલવે મંત્રાલયમાં કામ કરનારા શ્રીમાન નંદા પર ગઈ. તેમણે થોડાં પુસ્તકો લખ્યાં હતાં, જે મેં જોયાં હતાં. મેં તેમને નહેરૂ સંગ્રહાલયમાં નિયુક્ત કરી દીધા.' આ પ્રસંગને જણાવવાના ક્રમમાં છાગલા એ પણ સ્વીકારે છે કે નેહરુ સંગ્રહાલય અને પુસ્તકાલયની સ્થાપના બાદ દેશમાં ઈતિહાસ લેખનને પ્રોત્સાહન મળ્યું.

છાગલાની આત્મકથાના આ પ્રસંગથી કેટલીય વાતો ધ્વનિત થાય છે, જે નેહરુ સંગ્રહાલય અને પુસ્તકાલયની સ્થાપનાના ઉદ્દેશ્યોને સ્પષ્ટ કરે છે. એક તો એ કે એ સમયની સરકાર નહેરૂ સંગ્રહાલય અને પુસ્તકાલયને રાષ્ટ્ર મંદિર તરીકે સ્થાપિત કરવા માંગતી હતી. એક એવું રાષ્ટ્ર મંદિર, જ્યાં નેહરુ દેવતા તરીકે સ્થાપિત હોય અને દેશની જનતા તેમની અને તેમના વિચારોની પૂજા કરે. છાગલાએ જે લખ્યું છે તેનાથી સ્પષ્ટ છે કે આ કેન્દ્રને ઈતિહાસ લેખનના કેન્દ્ર રૂપે વિકસિત કરવાની પણ યોજના બની. ઈતિહાસ લખવામાં પણ આવ્યો. કઈ પ્રકારનો ઈતિહાસ લખાયો તે બધાને ખબર છે. જો તમે કોઈ વ્યક્તિને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્ર મંદિર બનાવશો તો ત્યાં લખાનારો ઈતિહાસ પણ એ જ વ્યક્તિની મહત્તાને સ્થાપિત કરવાના કામમાં જોડાશે. કોઈ અન્ય પુસ્તકમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે ઈન્દિરા ગાંધી પણ ઈચ્છતાં હતાં કે તીનમૂર્તિ ભવન કોઈપણ ભોગે સરકાર પાસે ન જાય અને ત્યાં નહેરૂ સાથે જોડાયેલી ચીજો વગેરે રાખવામાં આવે. રહી વાત તેને આદર્શ વૈચારિક કેન્દ્ર બનાવવાની, તો તે આવું કેન્દ્ર ક્યારેય બની ન શક્યું. અહીંના જે પણ ડાયરેકટર થયા, તેમાંથી મોટાભાગનાએ જે કાર્ય કરાવ્યાં તેના કેન્દ્રમાં નેહરુ અને કોંગ્રેસ જ રહ્યાં. એક ઉદાહરણ જોઈએ.

૨૦૧૧માં કોંગ્રેસ પાર્ટીના ઈતિહાસ પર કેન્દ્રિત બે ખંડોમાં લખાયેલું પુસ્તક આવ્યું - કોંગ્રેસ એન્ડ ધ મેકિંગ ઓફ ધ ઈન્ડિયન નેશન. આ પુસ્તકના મુખ્ય સંપાદક હતા પ્રણવ મુખર્જી અને તેને તૈયાર કરવામાં મૃદુલા મુખર્જી, આદિત્ય મુખર્જી અને અન્યોની ભૂમિકા હતી. હવે જાણી લો કે મૃદુલા મુખર્જી કોણ છે. તેઓ નેહરુ સંગ્રહાલય અને પુસ્તકાલયનાં ડાયરેક્ટર હતાં. તેમને સોનિયા ગાંધીના આશીર્વાદ પ્રાપ્ત હતા. જ્યારે રામચંદ્ર ગુહાના નેતૃત્વમાં તેમને નહેરૂ મેમોરિયલના ડાયરેક્ટર પદેથી હટાવવાનું અભિયાન ચાલ્યું હતું, તો તેમણે એક પ્રસંગમાં કહ્યું હતું કે તેમને સોનિયા ગાંધીનો મેન્ડેટ પ્રાપ્ત છે. ત્યારે એ પ્રશ્ન નહોતો ઊભો થયો કે સોનિયા ગાંધીએ કઈ હેસિયતથી નહેરૂ સંગ્રહાલય અને પુસ્તકાલયને ડાયરેકટરનો મેન્ટેડ આપ્યો હતો. આ પ્રસંગનો ઉલ્લેખ એટલા માટે કરવાનો થાય છે કે છાગલાએ જે વિચાર સાથે નેહરુ સ્મારક અને સંગ્રહાલયની સ્થાપના કરી હતી, તેને ખાતર-પાણી આપીને પોષવામાં આવ્યું. નહેરૂ સંગ્રહાલય અને પુસ્તકાલય ઉપરાંત નહેરૂ સ્મારક નિધિ પણ એ જ પરિસરથી ચાલે છે. આ નિધિ દ્વારા શોધ કરવા માટે નાણાં આપવામાં આવે છે. આ નિધિથી શોધ કરનારા શોધાર્થીઓની યાદી અને તેમના વિષયો પર નજર નાખો તો ખબર પડશે કે કેવી રીતે એક પરિવાર અને પાર્ટી વિશેષને કેન્દ્રમાં રાખીને તેને ચલાવાઈ રહ્યું હતું.

## જાપાનનું એક અનોખું ૬૦૦ વર્ષ જૂનું મંદિર

# ઘરેલુ હિંસાનો શિકાર મહિલાઓનું આશ્રય સ્થાન મટસુગાઓકા ટોકેઈજી મંદિર

### સદીઓ પહેલા ઘણી મહિલાઓ પોતાના અત્યાચારી પતિથી બચવા માટે આ મંદિરમાં આશરો લેતી હતી



ટોક્યો, તા.૨૬

છુટાછેડા લીધેલી મહિલાઓને ઘણા પ્રકારના મ્હેણા સાંભળવા પડે છે પરંતુ સદીઓ પહેલા એવો પણ સમય હતો જ્યારે મહિલાઓને ડિવોર્સ લેવા માટે પરવાનગી પણ નહોતી. તેઓ અત્યાચાર સહન કરવા માટે મજબૂર હતી, કેમ કે તેમને છુટાછેડા લેવાની મનાઈ હતી. આ બધુ ત્યાં સુધી ચાલ્યુ જ્યાં સુધી એક આશ્રમે આને બદલવાનું ના વિચાર્યુ.

૧૨મી અને ૧૩ મી સદી દરમિયાન જાપાની સમાજમાં તલાકની જોગવાઈ નહોતી, પરંતુ આ માત્ર પુરુષો માટે જ હતી. પુરુષ પોતાની પત્નીઓને સરળતાથી ડિવોર્સ આપી શકતા હતા જયારે મહિલાઓ ઘરેલુ હિંસા વિરુદ્ધ અવાજ પણ ઉઠાવી શકતી નહોતી. તેમને પોતાનું આખુ જીવન પોતાના ટોક્સિક પતિઓને સમર્પિત કરી વિતાવવુ પડ્યુ કેમ કે અલગ થવાની કોઈ કાયદાકીય રીત નહોતી. જોકે, ૧૨૮૫માં માતસુગોકા ટોકેઈ-જી, જેને ડિવોર્સ ટેમ્પલના નામથી ઓળખવામાં આવે છે. તેના દરવાજા એવી મહિલાઓ માટે ખુલ્યા જેઓ ઘરેલૂ હિંસાની શિકાર હતી.

ડિવોર્સ ટેમ્પલ કે તલાકનું મંદિર એ નામ સાંભળવામાં જેટલુ અજીબ છે, તેટલો જ અનોખો તેના પાછળનો વિચાર છે. મટસુગાઓકા ટોકેઈજી નામના આ મંદિરને ૬૦૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યુ હતુ. આ જાપાનના કામાકુરા શહેરમાં સ્થિત છે. જાપાનનું આ મંદિર એવી ઘણી મહિલાઓનું ઘર છે, જે ઘરેલૂ હિંસાનો શિકાર બની. આનુ કારણ ભલે ખૂબ દુઃખદ અને દિલ દુભાવનારુ હોય પરંતુ તેની આકરી જરૂર પણ હતી. સદીઓ પહેલા ઘણી મહિલાઓ પોતાના અત્યાચારી પતિથી બચવા માટે આ મંદિરમાં આશરો લેતી હતી.

આ ખાસ મંદિરને કાકૂસાન-ની નામની એક નને પોતાના પતિ હોજો ટોકીમૂનની યાદમાં બનાવ્યુ હતુ. અહીં તેમણે તે તમામ મહિલાઓનું સ્વાગત કર્યુ જે પોતાના લગ્નથી ખુશ નહોતી અને તેમની પાસે ડિવોર્સ લેવાનો કોઈ માર્ગ નહોતો. કામકુરા યુગમાં પતિઓને કોઈ કારણ જણાવ્યા વિના પોતાના લગ્નને પૂર્ણ કરવા માટે માત્ર ઔપચારિક તલાક પત્ર, સાડા ૩ લાઈનની નોટિસ લખવાની જરૂરિયાત હતી. બીજી તરફ મહિલાઓની પાસે આ પ્રકારનો અધિકાર નહોતો. આ લગ્નથી ભાગી જવુ જ તેમની પાસે એકમાત્ર માર્ગ હતો. ટોકેઈ-જીમાં ૩ વર્ષ રહ્યા બાદ તેમને પોતાના પતિઓ સાથે વૈવાહિક સંબંધ તોડવાની પરવાનગી આપવામાં આવતી હતી. બાદમાં આ સમયગાળાને ઘટાડીને માત્ર ૨ વર્ષ કરી દેવાયો હતો.

આ મંદિરને એકલતાનું મંદિર પણ કહેવામાં આવતુ હતુ. ૬૦૦ વર્ષ જૂના આ મંદિરમાં વર્ષ ૧૯૦૨ સુધી પુરુષોના પ્રવેશ પર પ્રતિબંધ હતો. જે બાદ ૧૯૦૨ માં એંગાકુ-જીએ જયારે આ મંદિરની દેખરેખ રાખી તો પહેલી વખત એક પુરુષ મઠાધિપતિને નિયુક્ત કર્યા.

આ બૌદ્ધ મંદિર પાંચ જૈન સાધ્વીઓના નેટવર્કનો ભાગ છે, જેને અમાગોજનના નામથી ઓળખવામાં આવે છે. મંદિર સુંદર બગીચાઓથી ઘેરાયેલુ છે અને આમાં એક મુખ્ય હોલ છે જે મુલાકાતીઓ માટે ખુલ્લો છે. મીજી કાળમાં આને એક જાપાની વેપારી ટોમિટારો હારાએ ખરીદ્યુ હતુ. ૧૯૨૩માં ગ્રેટ કાંટો ભૂકંપના કારણે મંદિરને મોટુ વાસ્તુશિલ્પ નુકસાન થયુ અને તેના પુનર્નિર્માણમાં ૧૦ વર્ષનો સમય લાગ્યો. મંદિરમાં એક કબ્રસ્તાન પણ છે અને કેટલીક મશહૂર હસ્તીઓને ત્યાં દફનાવવામાં પણ આવી છે.

મંદિરના મુખ્ય નનનું પદ ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવતુ હતુ. જેની પર ઘણી વખત ઘણી શાહી મહિલાઓ પણ રહી છે, જે પોતાના પતિઓના મૃત્યુ બાદ નન બની જતી હતી, જે એક પ્રાચીન જાપાની પરંપરા પણ હતી. જોકે, ૧૮૭૩માં જાપાનમાં તલાક કાનૂન લાગુ થયા બાદ આ મંદિરે મહિલાઓને તલાક આપવાનું બંધ કરી દીધુ પરંતુ આ મંદિર મહિલાઓ માટે તલાકને કાયદેસર બનાવવા અને તેને ઘરેલૂ અત્યાચારથી બચાવવામાં મદદ કરવામાં જાપાની સમાજના પ્રયત્નોનું પ્રતીક બની ગયુ.

## દેશમાં ઈલેક્ટ્રોનિક્સની ખરીદીમાં મોટો ફેરફાર થશે

# ઈલેક્ટ્રોનિક સામાનના પેકિંગ પર ક્યુઆર કોડની સિસ્ટમ લાગુ થઈ



### ઈલેક્ટ્રોનિક્સના નાના પેકની માહિતી મેળવવી હવે સરળ બની જશે, જે કંજ્યુમરના હિતોનું રક્ષણ કરશે

નવી દિલ્હી, તા.૨૬

દેશમાં સામાનની ખરીદીમાં અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિકસની ખરીદીમાં મોટો ફેરફાર થશે. કારણ કે ઈલેક્ટ્રોનિક સામાનના પેકિંગ પર ક્યુઆર કોડની સિસ્ટમ આજથી લાગુ થઈ ગઈ છે. જાગો ગ્રાહક જાગો, આ માટે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે આજથી જ લાગુ થઈ ગયું છે. તેની જાણકારી મિનિસ્ટ્રી ઓફ કંજ્યુમર્સ અફેયર્સ તરફ આની જાણકારી એક નોટિફિકેશનના રૂપમાં જારી કરવામાં આવી છે. આના દ્વારા ઈલેક્ટ્રોનિકસના નાના પેકની માહિતી મેળવવી સરળ બનશે, જે કંજ્યુમરના હિતોનું રક્ષણ કરશે. ઉત્પાદન, ઉત્પાદ, આયાત, ઉપયોગ, પેકમાંની વસ્તુ, ફરિયાદ નંબર વગેરેની વિગતો પણ પેકિંગ પરના ક્યુઆર કોડમાં એકસાથે જોવા મળશે. આ સાથે, ઉપભોક્તા સમાન ક્યુઆર કોડને સ્કેન કરીને તેના ખરીદેલા ઉત્પાદનો સાથે સંબંધિત મહત્વપૂર્ણ માહિતી સરળતાથી મેળવી શકશે.

આ નવી સિસ્ટમ હેઠળ, પેકેજડ વસ્તુઓ વિશેની માહિતી ચાર કેટેગરીમાં ઉપલબ્ધ થશે.

૧. જો પેકેજડ આઈટમ પર ઉત્પાદક, પેકર અથવા આયાતકારની માહિતી સ્પષ્ટ રીતે અલગથી આપવામાં આવી નથી, તો ક્યુઆર કોડ સ્કેન કરીને તેને મેળવવાની સિસ્ટમ હોવી જોઈએ. આ ઉપરાંત, જો પેકેટ પર પ્રોડકટના સરનામા અને પેકેજિંગ વિશેની માહિતી નથી, તો તે સુનિશ્ચિત કરવું પડશે કે, ગ્રાહક તેને ક્યુઆર કોડ સ્કેન કરીને મેળવી શકે છે.

૨. ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટના પેકેટ પર આપવામાં આવેલા ક્યુઆર કોડ દ્વારા ગ્રાહકને ખબર હોવી જોઈએ કે, પ્રોડક્ટ ક્યારે બનાવવામાં આવી હતી, તે ક્યાં બનાવવામાં આવી હતી, આ સિવાય તે પ્રોડક્ટનું સામાન્ય નામ અને કમોડિટીનું નામ પણ ઉપલબ્ધ હોવું જોઈએ. બીજી બાજુ, જો કમોડિટી એક કરતાં વધુ હોય, તો બોક્સમાં હાજર દરેક ઉત્પાદનની વિગતો, તેનો નંબર, ઉત્પાદનની તારીખ, ઉત્પાદન, આયાત, ઉપયોગ, પેકમાંની આઈટમ, ફરિયાદ નંબર વગેરેની માહિતી પણ હોવી જોઈએ.

૩. જો પેકેટ પર સંબંધિત માહિતી આપવામાં આવી નથી, તો ક્યુઆર કોડ દ્વારા તમામ માહિતી મેળવવા માટે સિસ્ટમ પ્રદાન કરવી પડશે.

૪. પેકેટના નિર્માતાના નામથી લઈને ટેલિફોન નંબર સુધીનું ઈ-મેલ સરનામું પણ ક્યુઆર કોડદ્વારા મળવું જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આળસમાં દરિદ્રતાનો વાસ હોય છે.

- સંત તિરુવલ્લુવર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૮ દૂર્ગાષ્ટમી તા.૨૬ જૂન ૨૦૨૩, સોમવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૭, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વ્યતિપાત યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૭, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ સવારે ૧૦-૧૦ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૨૬-૦૬-૨૦૨૩ થી ૦૨-૦૭-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતાશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નાવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતો સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

# શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડતી જગ્યા ઉપર વિદ્યાસહાયકોને પૂરા પગારમાં સમાવાશે

**શિક્ષણ વિભાગ દ્વારા પૂરા પગારમાં સમાવવા અંગેની કાર્યવાહી ૧૫ દિવસમાં પૂર્ણ કરવા તાકીદ, કોર્ટ કેસ કર્યો હોય તેવા ઉમેદવારોના કિસ્સામાં પિટિશન પરત લેવાની શરતે નિર્ણય કરવામાં આવશે**

અમદાવાદ, તા.૨૬
રાજ્યમાં આવેલી પ્રાથમિક શાળામાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યા ઉપર વિદ્યા સહાયકોને પુરા પગારમાં સમાવવા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાસહાયકની બે વર્ષની સેવા પુર્ણ થયા બાદ આ રીતે ખાલી પડેલી જગ્યા ઉપર તેમને સમાવવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને પત્ર લખી ૧૫ દિવસમાં કાર્યવાહી પુર્ણ કરવા આદેશ કર્યો છે. જેમાં જે અરજદારોએ કોર્ટ કેસ કર્યો હોય તેમને પીટીશન પરત લેવાની શરતે અરજદારો અંગે નિર્ણય લેવામાં આવશે. ઉપરાંત જે કેસમાં ચુકાદા આવી ગયા છે તેવા કિસ્સામાં વિભાગ સમક્ષ વિગતવાર દરખાસ્ત મોકલવાની રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૦૧૧ પહેલા સીધી ભરતીથી નિમણુંક પામેલા વિદ્યા સહાયકોને શિક્ષણ વિભાગના ૧૯૯૮ તથા ૨૦૧૦ના ઠરાવની જોગવાઈઅન્વયે બેવર્ષ બાદ નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યા ઉપર પુરા પગારમાં સમાવવા બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ પત્ર લખી દરખાસ્ત કરવામાં આવી હતી. જેથી શિક્ષણ વિભાગદ્વારા આ મુદ્દે નાણાં વિભાગનો પરામર્શ કરવામાં આવ્યો હતો. નાણાં વિભાગ દ્વારા અનુમતિ આપવામાં આવતા આ અંગે કાર્યવાહી કરવા માટે તાકીદ કરાઈ છે. શિક્ષણ વિભાગના નિતી નિયમો અંતર્ગત સીધી ભરતીથી નિમણૂંક પામેલા તમામ વિદ્યાસહાયકોના કિસ્સામાં સેવાકીય વિગતોની ચકાસણી કરી ઠરાવોની જોગવાઈ પરિપૂર્ણ થતી હોય તો તાત્કાલીક નિયમાનુસારની કાર્યવાહી ૧૫ દિવસમાં પુર્ણ કરવા માટે સુચના અપાઈ છે. જેથી નવા કોર્ટ કેસો ઉપસ્થિત થવાની પરિસ્થિતિ નિવારી શકાય. ઉપરાંત વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણમાં ન સમાવવાના કારણે અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલા કોર્ટ કેસો જે હાલ હાઈકોર્ટમાં પડતર હોય તેવા કિસ્સામાં પીટીશનો પરત લેવાની શરતે અરજદારોના કિસ્સામાં નિર્ણય લેવાનો રહેશે. જેથી કોર્ટ કેસોનું બિનજરૂરી નાણાકીય ભારણ ઘટાડી શકાય. ઉપરાંત જે કેસમાં હાઈકોર્ટ દ્વારા ચુકાદા આપી દેવામાં આવ્યા છે તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગ સમક્ષ વિગતવાર દરખાસ્ત કરવાની રહેશે. જેથી કન્ટેમ્પ ઓફ કોર્ટનો પ્રશ્ન ઉભો ન થાય. જે કોર્ટ કેસ થયા છે તેમાં હાઈકોર્ટ દ્વારા ચુકાદા આપવામાં આવ્યા હોય અને ઠરાવની જોગવાઈ સાથે સુસંગત જણાતા ન હોય તેવા કિસ્સામાં ચુકાદાનો સ્વિકાર કરવા કે પડકારવા બાબતમાં સ્પષ્ટ આધાર સાથેના અભિપ્રાય સાથે દરખાસ્ત શિક્ષણવિભાગને મોકલવા પ્રાથમિક શિક્ષણ નિયામકને કચેરીને જણાવાયું છે. હાઈકોર્ટના ચુકાદાના સ્વીકાર કરવાથી જે વિદ્યાસહાયકના કિસ્સામાં તેમની બે વર્ષની સેવા પુર્ણ થયા બાદજિલ્લા- મહાનગરપાલિકા- નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના મહેકમમાં જે તે વર્ષે શિક્ષકોની નિવૃત્તિ સામે ખાલી પડતી જગ્યાઓ ઉપર પ્રાથમિક શિક્ષકોના નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવ્યા હોય જોગવાઈ અનુસાર જેતે વર્ષ દરમ્યાન નિવૃત્તિ સામે ખાલી પડતી જગ્યા ઉપરત વિદ્યા સહાયકને તબક્કાવાર પ્રવરતા યાદી મુજબ નિયમિત પગારધોરણમાં સમાવતા સમયે તેનાથી સિનિયર વિદ્યાસહાયકની પહેલા તેને લાભ ન અપાય તે અંગેની કાળજી રાખવાની રહેશે.

# ચાલુ વર્ષે રાજ્યમાં ૧૦ લાખ બાળકોએ આંગણવાડીમાં અને ૨.૩૦ લાખ બાળકોએ ધો.૧માં મેળવ્યો પ્રવેશ




ગાંધીનગર, તા.૨૬
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાળા પ્રવેશોત્સવ૨૦૨૩ને મળેલી સફળતા રાજ્ય સરકારના અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષકો-વિદ્યાર્થીઓ, વાલીગણ સૌના સહિયારા ટીમવર્કને આભારી હોવાનો સ્પષ્ટ મત દર્શાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, બિપરજોય વાવાઝોડા સામે જે ટીમવર્કની સામૂહિક તાકાતથી ગુજરાત મુકાબલો કરીને હેમખેમ પાર ઉતર્યુ તેવી જ ટીમવર્ક ભાવના શિક્ષણ સેવાના આ યજ્ઞમાં સૌએ દર્શાવી છે તે પ્રસંશનીય છે. મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩માં સહભાગી થયેલા પદાધિકારીઓ, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓના આ પ્રવેશોત્સવ દરમ્યાનના અનુભવોના આદાન- પ્રદાન માટે યોજાયેલી બેઠકમાં સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ શાળા પ્રવેશોત્વમાં જે-તે ગામોની કે શાળાઓની મુલાકાત દરમ્યાન અથવા SMC સાથેની બેઠક દરમ્યાન ધ્યાને આવેલી બાબતોનું ડોક્યુમેન્ટેશન થાય તે ઈચ્છનીય છે. આવું ડોક્યુમેન્ટેશન સંબંધિત વિભાગો સાથે સંકલન સાધીને જે-તે શાળાઓમાં ત્રૂટિઓ દૂર કરી સુવિધા-સગવડ આપી સારૂં પરિણામ મેળવવામાં મદદરૂપ થશે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યુંહતું. તેમણે જણાવ્યું કે, શાળાની મુલાકાતે ગયેલા અધિકારીઓ પોતાના સાચા-સારા અનુભવો વ્યકત કરીને ભવિષ્યના પ્રવેશોત્સવ માટે ઉપયોગી મહત્વપૂર્ણ સૂઝાવ આપે તે અપેક્ષિત છે. આ બેઠકમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની સફળતા અંગેના પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રાજયના ૨૭ જિલ્લાઓની ૨૭,૩૬૮ પ્રાથમિક શાળાઓમાં આ દ્વિદિવસીય શાળા પ્રવેશોત્સવ અન્વયે ૩૧૫ જેટલા વર્ગ-૧-૨ના અધિકારીઓ સહિત ૪૬,૬૦૦થી વધુ મહાનુભાવોએ શાળાઓની મુલાકાત લીધી હતી. એટલું જ નહિ, ધોરણ-૧માં કુલ ૨ લાખ ૩૦ હજાર બાળકોએ તથા આંગણવાડીમાં ૯ લાખ ૭૭ હજાર ૫૧૩ ભૂલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે. આ પ્રવેશોત્સવ દરમ્યાન બાળકો માટે ૨૩ કરોડ ૬૧ લાખ રૂપિયાની વિવિધ ચીજવસ્તુઓ ભેટ સોગાદો લોકભાગીદારીથી પ્રાપ્ત થઈ છે. શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે શાળા પ્રવેશોત્સવ સાથે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં શિક્ષણ ગુણવત્તા સુધારણા માટે કરેલા આયોજનની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, રાજયની શાળાઓમાં આગામી દિવસોમાં ૨૮,૯૭૩ વર્ગખંડોનું ૫૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે પણ પ્રક્રિયા હાથ ધરાઈ છે. શાળા પ્રવેશોત્સવને પગલે ગુણોત્સવ અને સ્કૂલ એક્રેડીટેશન પણ રાજય સરકાર કરે છે તેની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે ત્રણ વર્ષ પહેલાં પચાસ ટકાથી ઓછો સ્કોર ધરાવતી શાળાઓની સંખ્યામાં આ વર્ષે ૧૧ ટકાનો ઘટાડો થયો છે. પચાસ ટકાથી વધુ સ્કોર ધરાવનારી શાળાઓની સંખ્યા ૨૩,૮૮૫થી વધીને ૨૮,૯૪૬ થઈ ગઈ છે.

# હાર્દિક પંડ્યા કેમ નથી રમતો ટેસ્ટ ક્રિકેટ?

નવી દિલ્હી, તા.૨૬
ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ફરી એકવાર ચર્ચામાં છે. વાત એમ છે કે, સતત બીજીવાર વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ગુમાવ્યા બાદ ટીમ ઈન્ડિયા ઉપર ઘણા સવાલ ઉઠી રહ્યા છે. ખાસ કરીને ટીમના ખેલાડીઓની ટીકા થઈ રહી છે. ભારતીય કંડિશનમાં ટેસ્ટ મેચોમાં ટીમ ઈન્ડિયાના સ્પિનર ઓલરાઉન્ડર સારૂ પર્ફોર્મ કરે છે. પરંતુ જયારે વિદેશી પરિસ્થિતિની વાત આવે છે તો આ જ ઓલરાઉન્ડર સંઘર્ષ કરતાં જોવા મળે છે. તેવામાં ભારતને પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર કપિલ દેવની જેવા કોઈ ખેલાડીની જરૂર છે. જે ફાસ્ટ બોલિંગ પણ કરી શકે અને બેટિંગમાં પણ પોતાનો દમ દેખાડી શકે તેવો ટીમ ઈન્ડિયા પાસે એક ખેલાડી છે અને તે છે હાર્દિક પંડ્યા. હાર્દિક પંડ્યા બેટિંગની સાથે- સાથે બોલિંગમાં પણ મહત્વની ભૂમિકા નિભાવી શકે છે. વ્હાઈટ બોલમાં આપણે ઘણીવાર તેને આમ કરતાં જોયો છે. પરંતુ હવે સવાલ એ થઈ રહ્યો છે કે હાર્દિક ટેસ્ટ ક્રિકેટ કેમ નથી રમતો? ૨૯ વર્ષના હાર્દિક પંડ્યાએ ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં ૨૦૧૭માં શ્રીલંકા સામે ડેબ્યૂ કર્યુ હતું. તે બાદથી તે ૨૦૧૮ સુધીમાં ૧૧ ટેસ્ટ રમ્યો હતો, જેમાં તેણે ૫૩૨ રન બનાવવાની સાથે-સાથે ૧૭ વિકેટ લીધી હતી. જો કે, ૨૦૧૮માં એશિયા કપમાં બોલિંગ કરવા દરમ્યાન તેને પીઠમાં ઈજા પહોંચી હતી, જે ગંભીર હતી. જે બાદ તે લાંબા સમય સુધી ક્રિકેટથી દૂર રહ્યો હતો. જ્યારે તેણે કમબેક કર્યું તો તે સમયે બોલિંગ નહોતો કરતો. આ સિવાય તેણે તેમ પણ કહ્યું હતું કે, તેની ફિટનેસ એવી નથી કે તે ટેસ્ટ ક્રિકેટમાં રમી શકે. ખાસ કરીને પોતાની બોલિંગને લઈને વધારે સમસ્યા હતી. તો ૨૦૨૧માં વર્લ્ડકપ સુધી તેણે બોલિંગ કરવાનું શરૂ કર્યું નહોતું. તેવામાં પંડ્યાએ પોતાની ફિટનેસ ઉપર કામ કરવા માટે ક્રિકેટથી બ્રેક લીધો હતો. ૨૦૨૨માં આઈપીએલમાં ઓલરાઉન્ડર તરીકે હાર્દિક પંડ્યાએ ફરીથી એન્ટ્રી મારી હતી. બોલિંગ અને બેટિંગમાં તેનું પર્ફોર્મન્સ શાનદાર રહ્યું હતું. આ સાથે જ તેણે કેપ્ટન બન્યા બાદ આઈપીએલની પહેલી જ સીઝનમાં ગુજરાત ટાઈટન્સને ચેમ્પિયન બનાવ્યું હતું. જે બાદ તે ભારત માટે સતત વનડે અને ટી૨૦ રમી રહ્યો છે. પરંતુ ટેસ્ટમાં તેણે હજી સુધી કમબેક કર્યું નથી. તેનું બોડી ટેસ્ટ ક્રિકેટ માટે તૈયાર નહોવાનું તેને લાગે છે. કુલ મળીને, હાર્દિક તેની ફિટનેસના કારણે હવે ટેસ્ટ ક્રિકેટ નથી રમતો.

# શેન વોર્નનું મોત કોરોના વેક્સિનના કારણે થયું છે : ડોકટરોનો મોટો દાવો

## કોરોના વેક્સિન ન લીધી હોત તો વોર્ન આજે જીવિત હોત : દિમિત્રી મેસ્કહેનહાસ



સિડની, તા.૨૬
પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોર્નના મોત ઉપર એકવાર ફરી સવાલ ઉઠવાનું શરૂ થઈ ગયું છે. ડોકટરોએ દાવો કરતાં કહ્યું કે, શેનાવોર્નનું મોત કોરોનાની વેક્સિનના કારણે થયું છે તપાસમાં જાણવા મળ્યું કે, વોર્ને જે વેકસીન લગાવી હતી તે હૃદયરોગને વધારે છે. આ વેક્સિન લેવાના નવ મહિના બાદ જ થાઈલેન્ડમાં શેન વોર્નનું હૃદયરોગના હુમલાથી નિધન થઈ ગયું હતું. ભારતીય મૂળના હૃદયરોગ નિષ્ણાત અને એક ઓસ્ટ્રેલિયન ડોકટરનું માનવું છે કે શેનવોર્નના અચાનક મોત માટે કોવિડ વેક્સિન જવાબદાર હોઈ શકે છે. કાર્ડિયોલોજીસ્ટ ડો.અસીમ મલ્હોત્રા અને ડો ક્રિસ નીલ, જે ઓસ્ટ્રેલિયા મેડિકલ પ્રોફેશનલ્સ સોસાયટીના અધ્યક્ષ પણ છે તેમણે કહ્યું કે, વોર્નના પોસ્ટમોર્ટમમાં કોરોનરી એથેરોસ્કલેરોસિસ અથવા હાર્ટ એટેકનું જાણવા મળ્યું છે. તેમની તપાસમાં જાણવા મળ્યું છે કે એક કોવિડ વેકસીન રોગનો ઝડપથી ફેલાવાનું કારણ બની શકે છે. આ ખુલાસા બાદ ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર દિમિત્રી મેસ્કરેનહાસે કહ્યું કે, જો વોર્ને વેક્સિન લગાવી ના હોત તો તે આજે જીવિત હોત તેમણે કહ્યું કે, શેનવોર્ન મારા સારા મિત્ર હતા તેમના મોતને અટકાવી શકાયું હોત. જો તેમણે કોવિડ વેક્સિન ન લીધી હોત તો આજે જીવિત હોત તેઓ ઈચ્છતા ન હતા કે બીજાને નુકસાન થાય એટલા માટે હું ઓસ્ટ્રેલિયા અને વિશ્વભરમાં આ વેકસીનને તાત્કાલિક પ્રતિબાંધિત કરવાના આ ડોક્ટરના આહ્‌વાનનું પૂરું સમર્થન કરું છું. યુકેના સાંસદ બ્રિઝેને પણ સંશોધન સુધી આ વેક્સિન ઉપર પ્રતિબાંધના આહ્‌વાનનું સમર્થન કર્યુ છે.

# રાજ્યમાં બિપરજોયને કારણે વીજ કંપનીઓને અંદાજે ૧૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન

ગાંધીનગર, તા.૨૬
તાજેતરમાં આવેલા બિપરજોય વાવાઝોડાના કારણે રાજ્યના દસથી વધારે જિલ્લાઓનાં ગામડાઓમાં વીજપુરવઠાને અસર થઈ હતી. વીજતંત્ર દ્વારા યુદ્ધના ધોરણે અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવા રાત દિવસ એક કરીને રેકોર્ડ સમયમાં વીજ પુરવઠો પૂર્વવત કરી દેવાયો હોવાનો દાવો સરકાર તરફથી કરાયો છે. ઊર્જા વિભાગ દ્વારા મળેલી માહિતી મુજબ બિપરજોયવાવાઝોડુ ૧૪૦કિમી પ્રતિ કલાકની મહત્તમ નોંધાયેલ સ્પીડ સાથે લેન્ડફોલ થવાથી ભારે પવન તથા વરસાદને લીધે સૌરાષ્ટ્ર-કચ્છના પીજીવીસીએલ હેઠળના અસરગ્રસ્ત ૮ જિલ્લાના વિસ્તારો તેમજ ઉત્તર ગુજરાતના અસરગ્રસ્ત ૨ જિલ્લાઓ પાટણ તથા બનાસકાંઠાના વિસ્તારોના વીજ માળખાનું ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ક્ષતિગ્રસ્ત થયું હતું. જે અંતર્ગત ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનના વીજ માળખાના વીજ ટાવર, વીજ થાંભલાઓ, વીજ લાઈનો, ટ્રાન્સફોર્મર્સ અને વીજ જોડાણના સર્વિસ કેબલ વગેરેને ક્ષતિ પહોંચવાથી વીજ કંપનીઓને અંદાજે રૂ.૧૦૧૩ કરોડથી વધુનું નુકશાન થયું છે. બિપરજોય વાવાઝોડાને કારણે ગેટકોના ૪૦૦ કેવી, ૨૨૦ કેવી તથા ૧૩૨ કેવીની ક્ષમતાના ૧૨ સબસ્ટેશનોનો વીજ પુરવઠો ખોરવાયો હતો, જે તમામ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુર્નઃ સ્થાપિત કરવામાં આવ્યો છે. તેમજ ૬૬ કેવીના ૨૪૩ સબસ્ટેશનોનો વીજપુરવઠો બંધ થયો હતો, જે પૈકી ૨૪૦ સબસ્ટેશનોમાં વીજ પુરવઠો પુર્નઃ સ્થાપિત કરાયો છે. બાકી રહેતા ૩ સબસ્ટેશનમાં (કચ્છ-૨, દ્વારકા-૧) અન્ય ફીડરો અને લીંક લાઈનથી હાલ વીજ પુરવઠો પુર્નઃ સ્થાપિત કરવામાં આવ્યો છે. વાવાઝોડાના કારણે ૬૬ કેવી તથા ૧૩૨ કેવીની ભારે દબાણના ૪૦ એચ-ફ્રેમ (ડી.પી) ટાવર અને ૭૬ ટ્રાન્સમિશન ટાવરને નુકસાન થયુંહતું. તેમજ ૧,૧૭,૦૦૦થી વધુ વીજ થાંભલા અને ૧૬,૦૦૦થી વધુ ટ્રાન્સફોર્મર સેન્ટરને નુકશાન થયું હતું. જ્યારે પીજીવીસીએલના સહુથી વધુ અસરગ્રસ્ત ૮ જિલ્લાના તેમજ યુજીવીસીએલના બે જિલ્લાના ૩૫ ટાઉન અને ૪૯૪૫ ગામોમાં વીજ પુરવઠો બંધ થયો હતો. આ પૈકી તમામ ૩૫ ટાઉનમાં તેમજ ૪૯૧૭ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. જ્યારે બાકી રહેલા ૨૮ ગામોમાં વીજપુરવઠો પાડતી વીજ વિતરણ લાઈનોની આજુબાજુ ખૂબ પાણી ભરાવાના કારણે કામગીરી શરૂ થઈ શકી નથી, પરંતુ પાણી ઓસરતા વીજળીનો સપ્લાય પૂર્વવત કરાશે. ગેટકો અને તમામ ડિસ્કોમની ૬૦૦૦થી વધુ માણસો સાથેની કુલ ૧૦૮૯ ટીમો દ્વારા આ જિલ્લાઓમાં પુર્નઃ સ્થાપન કાર્ય માટે તમામ સંસાધનો સાથે દિવસ-રાત કામગીરી કરવામાં આવી હતી. હોસ્પિટલો, વોટર વર્ક્સ, સરકારી કચેરીઓ અને કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સરહદી વિસ્તારોમાં આર્મીના અગત્યના મથકોપરનો વીજ પુરવઠો પૂર્વવત કરવા રાજયસરકાર દ્વારા ટોચની પ્રાથમિકતા આપવામાં આવી હતી. દરેક સ્થાનો પર સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંકલન કરી લાઇન પુર્નઃ સ્થાપનનું કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યુ છે. ઉપરાંત પીજીવીસીએલના ૮ જિલ્લાઓમાં કચ્છ, જામનગર અને દ્વારકા જિલ્લા સિવાયના જિલ્લાઓના ૯૦ ટકા અસરગ્રસ્ત ખેતીવાડી ગ્રાહકોનો વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરાયો છે.

# વેદાંતાએ પાંચ વર્ષમાં ચૂંટણી બોન્ડના માધ્યમથી રાજકીય પક્ષોને ૪૫૭ કરોડ રૂપિયાનું દાન આપ્યું

નવી દિલ્હી તા.૨૬
પાછલા વર્ષે ફોક્સકોનની સાથે પોતાની સેમિકન્ડક્ટર ફેક્ટરીને ગુજરાતમાં શિફ્ટ કરવાના વેદાંતાના નિર્ણયે એક રાજનૈતિક વિવાદ ઊભો કરી દીધો, ત્યારબાદ ફાર્મે મહારાષ્ટ્રમાં એક આઈફોન પ્લાન્ટની જાહેરાત કરી. જો કે, વેદાંતા સત્તાધારી અને વિપક્ષી દળોની વચ્ચે ગોળીબારમાં ફસાયેલા વધુ એક કોર્પોરેટ હોય શકે છે પરંતુ તેણે રાજકારણથી અંતર જાળવ્યું નથી. સ્ટોક એક્સચેન્જના ખુલાસાઓથી જાણવા મળ્યું છે કે, વેદાંતાએ એક માત્ર નાણાકીય વર્ષ ૨૩માં ચૂંટણી બોન્ડના માધ્યમથી રાજનૈતિક પાર્ટીઓને ૧૫૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું, જેમાંથી તેમનું કુલ યોગદાન ૪૫૭ કરોડ રૂપિયા થઈ ગયું. આ એવા સમયે આવ્યું છે જ્યારે વેદાંતાના ૨.૫ બિલિયન ડૉલરના ઋણ બિલને જોખમ તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે અને ફર્મે પોતાની ફરજોને પૂરી કરવા માટે મૂળ ફર્મને આપવામાં આવેલ લાભાંશનો ઉપયોગ કર્યો. રેકોર્ડ લાભાંશે ભલેજ તેને ઋણમાં કાપ કરવામાં મદદ કરી હોય, પરંતુ એક રોકડ પ્રવાહ ભવિષ્યમાં વેદાંતાની સહાયક કંપનીઓને પ્રભાવિત કરી શકે છે. પરંતુ આ વિપરિત સ્થિતિઓની વચ્ચે વેદાંતાએ ચૂંટણી બોન્ડ લોન્ચ થવા પછીથી પાછલા પાંચ વર્ષમાં સતત રાજનૈતિક પાર્ટીઓને દાન આપ્યું છે.

# વધુ ભારતીયો ઓસ્ટ્રેલિયા તરફ શા માટે આકર્ષાઈ રહ્યા છે ?

(એજન્સી) તા.૨૬
મેલબોર્નથી લગભગ એક કલાકના અંતરે આવેલ બીચ કેપ મોર્નિંગ્ટન પેનિનસુલામાં એક બીજી પેઢીનો ભારતીય ઈમિગ્રન્ટ રહે છે. તેમના માતા-પિતાએ એક બુટિક વાઈનરીની સ્થાપના તેઓએ ૧૯૯૦ના દાયકામાં ઓસ્ટ્રેલિયામાં સ્થળાંતર કર્યા પછી કરી હતી. મિસ્ટર સિંઘ કહે છે કે, પાછલા દાયકામાં મેલબોર્નમાં દક્ષિણ એશિયાઈ સમુદાયમાં વધારો થયો છે. ૭,૧૦,૦૦૦થી વધુ ભારતીયો ઓસ્ટ્રેલિયામાં રહે છે, જે વિશ્વના સૌથી મોટા 'ઈમિગ્રન્ટ રાષ્ટ્રો' પૈકી એક છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશની છેલ્લી વસ્તી ગણતરી મુજબ, ભારતીયો હવે ઓસ્ટ્રેલિયામાં બીજા ક્રમનું સૌથી મોટું સ્થળાંતર જૂથ છે, તેઓએ ચીનીઓને પાછળ છોડી દીધા છે અને અંગ્રેજો પછી બીજા ક્રમે છે. ભારતીય ઈમિગ્રન્ટ્સ ટેક સેક્ટરમાં આ દેશમાં કુશળ કામદારોની ઉચ્ચ માંગ છે. આરતી બેટીગેરી એક પત્રકાર છે, જેઓ હાલમાં ઓસ્ટ્રેલિયામાં ઉછરી રહેલા ભારતીયોના અનુભવો ઉપર એક કાવ્યસંગ્રહનું સંપાદન કરી રહી છે, તે કહે છે કે, જ્યારે તેના માતા-પિતા ૧૯૬૦ના દાયકામાં ત્યાં ગયા ત્યારે ભારતીયો ભાગ્યે જ જાહેર જીવનનો ભાગ હતા. શેરીઓમા અન્ય ભારતીય મળવા દુર્લભ હતું. આજે પરિસ્થિતિ અલગ છે. ભારતીયો તમામ ક્ષેત્રોમાં નોકરીમાં છે, પોતાનો વ્યવસાય ચલાવે છે અને રાજકારણમાં પણ પ્રવેશી રહ્યા છે. સુશ્રી બેટીગેરી કહે છે કે, સોફ્ટ પાવરની નિકાસે બંને દેશોને એક કરવામાં શક્તિશાળી ભૂમિકા ભજવી છે. સિડનીમાં તાજેતરની રેલીમાં ભારતીય ડાયસ્પોરામાંથી હજારો લોકોએ હાજરી આપી હતી. નિષ્ણાતો કહે છે કે, ભારતીય જનતા પાર્ટી (BJP) સરકાર, જે ભારતમાં ૨૦૧૪થી સત્તામાં છે, તેણે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. નવેમ્બર ૨૦૧૪માં શ્રી મોદીની ઓસ્ટ્રેલિયાની મુલાકાત લગભગ ત્રણ દાયકામાં ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત હતી. મે મહિનામાં સિડનીની તેમની તાજેતરની મુલાકાત દરમ્યાન બંને દેશોએ વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને વ્યાવસાયિકો માટે ભારત અને ઓસ્ટ્રેલિયામાં મુસાફરી અને કામ કરવાનું સરળ બનાવવા માટે સ્થળાંતર કરારની જાહેરાત કરી હતી. માર્ચમાં ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત લીધી હતી અને બંને વડાપ્રધાનોએ સંરક્ષણ અને સુરક્ષા, આર્થિક સહકાર, શિક્ષણ અને દ્વિપક્ષીય વેપાર અંગે ચર્ચા કરી હતી. વૈશ્વિક જાહેર નીતિ સંશોધન અને હિમાયત જૂથ, CUTS ઈન્ટરનેશનલ ખાતે કામ કરતા પ્રદીપ એસ. મહેતા કહે છે કે, વડાપ્રધાન અને મંત્રીઓની વારંવારની મુલાકાતે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવ્યા છે. નિરીક્ષકો કહે છે કે, આ ભાગીદારીને બંને રાષ્ટ્રો માટે ફાયદાકારક તરીકે જોવામાં આવી રહી છે. જ્યારે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનું જોડાણ અનેક વર્ષ જૂનું છે. દેશમાં સ્થળાંતર કરનારા ભારતીયોનો ઈતિહાસ



જોઈએ તો પ્રારંભિક વસાહતીઓ ૧૮૦૦ના દાયકામાં ભારતમાંથી બ્રિટિશ પ્રજાના મજૂરો અથવા નોકર તરીકે ઓસ્ટ્રેલિયામાં આવ્યા હતા. ૧૯૦૦ના દાયકામાં ભારતીયોએ વ્યાપક સ્થળાંતર કરવાનું શરૂ કર્યું અને વ્હાઈટ ઓસ્ટ્રેલિયા પોલિસી ૧૯૭૩માં રદ કરવામાં આવ્યા પછી તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો. ૨૦૦૬માં જ્યારે જ્હોન હોવર્ડની આગેવાની હેઠળની સરકારે ભારતીય વિદ્યાર્થીઓ માટે ઓસ્ટ્રેલિયાના દરવાજા ખોલ્યા જેનાથી તેમને કાયમી રહેઠાણ મેળવવાનું સરળ બન્યું હતું. ભારતીય વિદ્યાર્થીઓ હજુ પણ અસ્થાયી સ્થળાંતર કરનારાઓનો ઘણો મોટો હિસ્સો છે. તેઓ તેમની ડિગ્રી મેળવ્યા પછી તેમાંથી ઘણાને ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થવા દેવામાં આવે છે. પરંતુ ૨૦૦૦ના દાયકાના ઉત્તરાર્ધમાં, સિડની અને મેલબોર્નમાં ભારતીય વિદ્યાર્થીઓ ઉપરના સંખ્યાબંધ હિંસક હુમલાઓ થયા હતા. ભારતે તીવ્ર પ્રતિક્રિયા આપી અને ઓસ્ટ્રેલિયન સરકારે પરિસ્થિતિને પહોંચી વળવા પગલાં લીધાં. હિંસાના છૂટાછવાયા બનાવો હજુ પણ અવારનવાર નોંધાય છે. ભારતીય સમુદાયના કેટલાક લોકો કહે છે કે, તેઓ લોકોને તેમની સંસ્કૃતિ અને વારસા વિશે શિક્ષિત કરીને ઓસ્ટ્રેલિયાને વધુ સમાવેશી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, અમે અમારા જુસ્સાને અનુસરીએ છીએ અને અમારામાંથી ઘણા ભવિષ્યની પેઢીઓ માટે ઓસ્ટ્રેલિયાને વધુ આવકારદાયક સ્થળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# સોમનાથ દર્શનાર્થે આવેલા વૃધ્ધા ભુલા પડી જઈ ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી ગયેલ જેની જાણ મરીન પોલીસને થતા ગણતરીના કલાકોમાં તેમના સાથીઓ સાથે મિલન કરાવ્યું



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

ભાવનગરના મહુવાથી ગ્રૂપ સાથે બસમાં આવેલ વૃધ્ધા સવારે દર્શન કર્યા બાદ ભુલા પડી ગયેલા અને તેઓ પાસે મોબાઈલ પણ ન હતો. જેથી તેઓને શોધવા સાથીઓએ સોમનાથ મરીન પોલીસની મદદ લેતા અધિકારીએ સ્ટાફને કામે લગાડતા ગણતરીના કલાકોમાંજ ગ્રામ્ય વિસ્તારમાંથી વૃધ્ધ મળી આવતા તેમના સાથીઓ સાથે મિલન કરાવ્યુ હતુ.

આ અંગે સોમનાથ મરીનના પીઆઈ એચ.આર. ગોસ્વામીએ જણાવેલ કે, આજે સવારે હું સ્ટાફ સાથે કાજલી ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગની કામગીરી કરી રહેલ ત્યારે ભાવનગરના મહુવાથી સોમનાથ દર્શન માટે આવેલ યાત્રિકોની એક બસના યાત્રાળુઓએ પોતાની બસ ઉભી રાખીને જણાવેલ કે અમારી સાથે આવેલ એક વૃદ્ધ દાદા ભૂપતભાઈ નાનજીભાઈ બારૈયા વહેલી સવારથી વિખૂટાં પડી ગયેલ છે. જેઓને સવારથી શોધીએ છીએ પણ મળતાં નથી અને તેમની પાસે મોબાઈલ પણ ન હોય મદદ માંગીહતી.

આ માહિતીના આધારે વિનુભાઈ ડોડીયા, હરિસિંહ ડોડીયા, ભરત નકુમ, ભરત સોલંકી, રામસિંહ વાજા સહિતના સ્ટાફને ગ્રામ્ય વિસ્તારમાં તપાસ કરવા અર્થે મોકલેલ ત્યારે ખેતરાળ વિસ્તારમાં થી એક વૃધ્ધ ભટકતા મળી આવતા તેમની પુછપરછ કરતાં પોતે ભૂપતભાઈ નાનજીભાઈ બારૈયા હોવાનું અને ભાવનગરના અલંગ મહુવાથી ટ્રાવેલ્સ બસમાં સોમનાથ દર્શન માટે આવેલ અને આ અજાણ્યો વિસ્તાર હોવાથી રસ્તો ભૂલી જતાં સાથેના યાત્રાળુઓથી વિખૂટાં પડી ગયેલાં હોવાનું જણાવેલ હતુ. બાદમાં બસના અન્ય યાત્રાળુઓ તથા સગાસંબંધીઓ પાસે લઈ જઈ ઓળખ કરાવી ખાત્રી કરાવી તેઓને સોંપી મિલન કરાવ્યુ હતુ. આમ, મરીન પોલીસે સવારથી વિખુટા પડેલા વૃધ્ધાને ગણતરીના કલાકોમાં શોધી મિલન કરાવતા સાથી યાત્રીકો ખુશ થઈ પોલીસની કામગીરી બિરદાવી હતી.

# કેશોદ ખાતે સ્વ. હરસુખલાલ મોહનલાલ ભટ્ટનાં સ્મરણાર્થે રકતદાન શિબિર યોજાઈ



કેશોદ તા. ૨૬

કેશોદ સમસ્ત બ્રહ્મસમાજનાં ઉપપ્રમુખ શ્રી જગદીશ અબોટી બ્રહ્મ સમાજના ટ્રસ્ટી અને નગરપાલિકાનાં પુર્વ સદસ્ય સ્વર્ગવાસી હરસુખલાલ મોહનલાલ ભટ્ટની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ પુષ્પાંજલિ અર્પણ કરવા માટે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દિપપ્રાગટય ભટ્ટ પરિવારના મોભી અમુભાઈનાં હસ્તે કરવામાં આવ્યું હતું. કેશોદના પુર્વ ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, ભારત વિકાસ પરિષદનાં ડૉ સ્નેહલભાઈ તન્ના, ડૉ ભૂપેન્દ્રભાઈ જોષી, કેશોદ મોબાઈલ એસોસિએશનનાં પ્રમુખ રાજુભાઈ બોદર, ભીમસિહભાઈ કરંગીયા. ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી અશોકભાઈ રાયચટ્ટા, કેશોદ શહેર ભાજપના પ્રમુખ પ્રવિણભાઈ ભાલારા, ઉપપ્રમુખ અશ્વીનભાઈ કુભાણી, મહામંત્રી જતીનભાઈ સોઢા, ગૌરાંગભાઈ વ્યાસ, સુધરાઈ સદસ્ય મેહુલભાઈ ગોંડલીયા, કાળુભાઈ રામાણી સહિતના નગરશ્રેષ્ઠીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપી હતી. કેશોદના સરદાર વલ્લભભાઈ પટેલ વોલેન્ટરી બ્લડ બેંકનાં સહયોગથી યોજાયેલા રક્તદાન શિબિરમાં ભાઈઓ બહેનો ઉત્સાહભેર જોડાયા હતાં. રક્તદાન કરવાથી આપણા હૃદયનું સ્વાસ્થ્ય સારૂં થાય છે. લોહીમાં આયર્નનું પ્રમાણ વધી જવાથી હાર્ટને લગતી વિવિધ બીમારી થવાની શક્યતાઓ રહે છે. નિયમિત રક્તદાન કરવાથી લોહીમાં આયર્નનું પ્રમાણ ઘટે છે, કે જેનાથી હાર્ટ અટેકની શક્યતા ૮૮% જેટલી ઘટી જાય છે. આ ઉપરાંત, રક્તદાનથી લકવા થવાની શકયતામાં પણ ૩૩% જેટલો ઘટાડો થાય છે.ર રક્તદાન કરો-જીવન બચાઓ. લોહીની જરૂરિયાત વિવિધ પ્રકારની સારવાર તથા આપાતકાલીન સમયે ખાસ પડે છે. રક્તદાનએ જીવલેણ બીમારીથી પીડાતા દર્દીઓને લાબું જીવાડવામાં મદદ કરે છે અને જટિલ મેડિકલ તથા સર્જીકલ પ્રોસિજરમાં પણ ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત લોહીની જરૂર કેટલાય પ્રકારની ઈમર્જન્સી પરિસ્થિતિ જેવી કે કુદરતી આફતો, અકસ્માત, યુદ્ધ વખતે થતી ઈજાઓમાં પણ ખુબ જ પડે છે.

કોઈપણ દેશમાં કે પ્રદેશમાં આરોગ્ય સેવાઓને અસરકારક બનાવવા માટે દર્દીઓને લોહી તથા લોહીની અન્ય પ્રોડકટ્સ મળી રહે તે અત્યંત અગત્યનું છે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રકતદાન શિબિરનું આયોજન કરી શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખ્યો હતો જેમાં સમસ્ત બ્રહ્મસમાજનાં હોદેદારો ટ્રસ્ટીઓ અને ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજનાં યુવા પાંખનાં યુવાનો દ્વારા જહેમત ઉઠાવી હતી.

# વેરાવળમાં જિલ્લા કોર્ટના નવા બિલ્ડીંગ બનાવવાના કામનું ચીફ જસ્ટીસના હસ્તે ભૂમિપૂજન - ખાતમુહૂર્ત થયું

## રૂા.પપ કરોડના ખર્ચે આધુનિક સગવડતાવાળું જિલ્લા કોર્ટનું સંકુલ તૈયાર થશે







(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

ગીર સોમનાથ જિલ્લામાં કાયદાકિય શાસન વધુ મજબૂત બને અને નવનિર્માણ સંકુલ ન્યાયની દિવાદાંડી સમાન બની રહે તેવા શુભહેતુસર વેરાવળમાં બાયપાસ ખાતે રૂા.પપ કરોડના ખર્ચે આગામી દિવસોમાં જિલ્લા કોર્ટનું નવું સંકુલ બનાવવાનું છે. જે કામનું ખાતમુહૂર્ત આજે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય કાર્યકારી ન્યાયાધીશ એ.જે.દેસાઈના હસ્તે થયુ છે. આ તકે યોજાયેલા સમારોહમાં ગીર સોમનાથના એડમિનિસ્ટ્રેટિવ જજ ડી.એમ. દેસાઈ, ગુજ.હાઈકોર્ટના ન્યાયાધીશ નિર્જર.એમ.દેસાઈ, જે.સી.દોશીના હસ્તે શાસ્ત્રોકતવિધિ અનુસાર ભૂમિપૂજન કરાયા બાદ તક્તિનું અનાવરણ કરવામાં આવ્યુ હતુ. ગીર સોમનાથ જિલ્લા કોર્ટના નવનિર્મિત સંકુલ ૨૨,૯૦૦ ચો.મી પરિસરમાં નિર્માણ થશે. સંકુલમાં ૧૮ કોર્ટ સહિત ૧૫થી વધુ જજ ચેમ્બર, ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ત્રણ માળમાં ૭૦થી વધુ રૂમમાં મિડિએશન સેન્ટર, લાઈબ્રેરી, સ્ટેમ્પ વેન્ડર, પોસ્ટ ઓફિસ, એટીએમ, કેન્ટીન, વીડિયો કોન્ફરન્સિંગ ફેસિલિટી, રજીસ્ટ્રાર રૂમ, કોમ્પ્યુટર રૂમ, રેકોર્ડ રૂમ સહિત દિવ્યાંગ પક્ષકારો માટે પણ ખાસ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. આ સમારોહમાં જિલ્લા કલેક્ટર એચ.કે. વઢવાણિયા, પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, જિલ્લા ન્યાયાધિશ પી.જી. ગોકાણી, કાર્યપાલક ઈજનેર સુનિલ મકવાણા, પ્રાંત અધિકારી કે.વી.બાટી, મુખ્ય સરકારી વકિલ કેતનસિંહ વાળા, વેરાવળ બાર એસો. પ્રમુખ સુર્યકાન્ત સવાણી સહિતના તમામ સભ્યો ઉપરાંત ન્યાય કાર્યવાહી સાથે સંકળાયેલા તમામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર તાલુકાનાં ઈચવડ રોડ ઉપરથી દબાણ દુર કરવા માંગ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૨૬

કોડીનાર તાલુકાના દુદાણા-નાના ઈચવડ મહીલા સંચાલિત ગ્રામ પંચાયત હોય ગામોના વિકાસ સાથે સરસ ચાલતી ગ્રામ પંચાયત ને દુદાણા થી દેવલપુર ગામને જોડતો રોડ પંચાયત માર્ગ અને મકાન પેટાવિભાગ હસ્તક દોઢેક વર્ષથી મંજુર થયેલો હોય પરંતુ જે રોડ ઉપર લોકોના દબાણ આવેલા હોય અથવા રોડ પાસે જમીન આવતી હોય માટે અવરોધ ઉભા કરી દબાણ હટાવવુ કે રોડ બનાવવા દેતા નથી આ બાબતે અધિકારીઓને પણ રજુઆત કરવામા આવી છે જેમા ઘણા ભાગના પોલીસાનં હોય કે મામલતદાર કચેરીના કર્મચારી હોય સતાનો ઉપયોગ કરી સામેથી મહીલા સરપંચ તથા મહીલા સભ્યોને ગમેતે કેસમા ફીટ કરવાની ધમકીઓ આપવામા આવે છે. આ બાબતે દુદાણા-નાના ઈચવડ ગ્રામ પંચાયત ના મહીલા સરપંચ દેવીબેન રાઠોડ તથા મહીલા સભ્યો દ્વારા મુખ્યમંત્રીનાં અગ્ર સચીવ મહેસુલ વિભાગ. અગ્રસચીવ પંચાયત વિભાગ. વિકાસ કમિશ્નર ગાંધીનગર. તકેદારી આયોગ ગાંધીનગરને તથા કોડીનાર મામલતદાર, કોડીનાર ટીડીઓ. સહીતને મોકલી જણાવેલ કે દુદાણા-દેવલપુર રોડ પરથી અધિકારીઓ દ્વારા દબાણ હટાવી રોડની કામગીરી તુરતજ કરવામા આવે તથા કામગીરીમા બાધા રૂપ બનતા કર્મચારીને જીલ્લા બહાર બદલી કરવી જોઆમ કરવામા નહી આવે તો તમામ મહીલા સભ્યો અને મહીલા સરપંચ દેવીબેન રાઠોડ રાજીનામા ધરી દેશે.

# અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના ચાર મહાનગરોના ૨૨૨ કેન્દ્રો ઉપર TATની મુખ્ય પરીક્ષા યોજાઈ

અમદાવાદ,તા. ૨૬

રાજ્યમાં ધોરણ ૯ અને ૧૦ ના શિક્ષક બનવા માટે લેવાતી TAT ની અભિયોગ્યતા કસોટીમાં આ વર્ષે પ્રિલીમ બાદ પ્રથમ વાર મુખ્ય પરીક્ષા યોજાઈ હતી. પ્રિલીમ પાસ કરનાર ગુજરાતના ૬૦ હજારથી વધુ ઉમેદવારો આજે પ્રથમવાર મુખ્ય પરીક્ષા આપી હતી. જેમા ૧૦૦-૧૦૦ માર્કસના બે પેપર મુખ્ય પરીક્ષામાં લેવાય હતી. રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટેની ટાટ પરીક્ષા પ્રથમ વાર દ્વિસ્તરીય સ્તરે લેવાઈ રહી છે. અગાઉ પ્રિલીમ પરીક્ષા પાસ કરનાર ૬૦ હજારથી વધુ ઉમેદવારો ટાટની મેન્સ પરીક્ષા આપી હતી. અમદાવાદ જિલ્લો અને શહેર, સુરત, વડોદરા, રાજકોટ એમ પાંચ જગ્યા પરના ૨૨૨ સેન્ટર ઉપર ટાટની મુખ્ય પરીક્ષા લેવાઈ હતી. જેમાં સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધી ભાષા ક્ષમતાનું પેપર અને બપોરે ૩ વાગ્યાથી વિષયવસ્તુ અને પધ્ધતિશાસ્ત્રના ૧૦૦-૧૦૦ માર્કસના બે પેપર લેવાયા હતાં. પરીક્ષા બાદ આગામી સમયે મુખ્ય પરીક્ષાના પરિણામો જાહેર કરાશે. કલાસ ૩ માં પણ રાજ્ય સરકારે દ્વિસ્તરીય પરીક્ષા અમલી કરાયા બાદ આ પ્રથમ વાર ટાટ માં પણ બે પરીક્ષા યોજાઈ રહી છે.પરીક્ષા આપવા આવનાર ઉમેદવારોએ જણાવ્યું કે આ અગાઉ પણ સરકાર TET, TAT ની પરીક્ષા લીધા બાદ ભરતી નથી કરી શકી. એક અંદાજ મુજબ રાજ્યની સરકારી શાળાઓમાં ૭૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ છે, ત્યારે TAT ના પરિણામો જલ્દી જાહેર કરી ભરતી કરવામાં આવે એ જરૂરી છે. કોમ્પ્યુટર વિષયમાં TAT પરીક્ષા આપવા આવનાર ઉમેદવારોએ કહ્યું કે રાજ્યની સરકારી શાળાઓમાં પડેલ કોમ્પ્યુટર ધૂળ ખાઈ રહ્યા છે અને સરકાર કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી નથી કરી રહી. આ અગાઉ ૨ વાર કોમ્પ્યુટર વિષયના ઉમેદવારો અભિયોગ્યતા કસોટી આપી ચુક્યા છે પરંતુ ત્યારબાદ ભરતી જ નથી થઈ ત્યારે આ ત્રીજીવાર પરીક્ષા આપવા આવ્યા છીએ.

# સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૬

સ્વામી લીલાશાહ મિત્ર મંડળ જૂનાગઢ દ્વારા સતત ૧૨માં વર્ષે ફૂલસ્કેપ ચોપડાનું વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સોનાપુર સુખધામ મંદીર ખાતે ચોપડાનું રાહત ભાવે વિતરણ કરાયું હતું. આ તકે સંસ્થાનાં ચેરમેન રમેશભાઈ સેવકાણી, રાજુભાઈ સંતાણી, ધનરાજ ટીલવાણી, સંતુભાઈ વિધાણી તેમજ અન્ય સત્સંગ પ્રેમીઓ હાજર રહયા હતા.

# નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ - એન.આઇ.ડી એમ નવી દિલ્હીની ટીમે દ્વારકા વિસ્તારની મુલાકાત લીધી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને એનઆઈડીએમની ટીમે ડોક્યુમેન્ટેશન અભ્યાસ સંદર્ભે ગુજરાતના દરિયાકાંઠાના અસરગ્રસ્ત જિલ્લાઓમાં તાજેતરમાં બિપરજોય વાવાઝોડા પૂર્વે સ્થાનિક જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવેલી પૂર્વ તૈયારીઓ અને રિસ્પોન્સ કામગીરી સંદર્ભે મુલાકાતના અનુસંધાને દ્વારકાના વરવાળા સાયકલોન સેન્ટર તેમજ રૂપેણ બંદરની મુલાકાત લીધીહતી.

સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો જાણી હતી. ટીમમાં આવેલા પ્રો. સૂર્યપ્રકાશે મામલતદાર ચીફ ઓફિસર સહિતનાં અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો જાણી હતી.

# મધ્યપ્રદેશનાં મંગીબાઈ વડાપ્રધાન મોદીને ૨૫ વીઘા જમીન આપશે

### ૧૦૦ વર્ષીય વૃદ્ધ મહિલાને ૧૪ બાળકો, પરંતુ પીએમ મોદીને પુત્ર માને છે

ભોપાલ,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ જૂને મધ્યપ્રદેશની મુલાકાતે આવવાના છે. આ દિવસે સવારે તેઓ રાજધાની ભોપાલમાં ભવ્ય રોડ શો યોજાશે. આ પછી પીએમ ભોપાલથી શહડોલ જશે અને જિલ્લામાં યોજાનાર કાર્યક્રમોમાં ભાગ લેશે. હાલ રાજગઢ જિલ્લામાં રહેતી ૧૦૦ વર્ષીય મહિલા ચર્ચામાં આવી છે.કારણ કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના પુત્ર માને છે, તેણે જાહેરાત કરી છે કે તે મોદીને ૨૫ વીઘા જમીન ટ્રાન્સફર કરશે.આ ૧૦૦ વર્ષીય મહિલાનું નામ માંગીબાઈ તંવર છે, જે રાજગઢ જિલ્લાની રહેવાસી છે. મંગીબાઈને ૧૪ બાળકો છે, જેમાં ૧૨ પુત્રો અને ૨ પુત્રીઓ છે. પરંતુ તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના પુત્ર માને છે. આટલું જ નહીં મોદી તેમને તેમના ૧૪ બાળકો કરતા પણ વધુ પ્રિય છે. તેણે પોતાના રૂમની દિવાલ પર પીએમના ફોટા લટકાવી દીધા છે.મંગીબાઈ કહે છે કે નરેન્દ્ર મોદીએ કોરોના સમયગાળા દરમિયાન કરોડો લોકોના જીવ બચાવ્યા છે. મારો દીકરો દેશની સેવા કરતાં વૃદ્ધ થયો છે. તે પોતાના દેશના લોકોને પોતાનો પરિવાર માનેછે. તે આપણું ધ્યાન રાખે છે.

એટલા માટે હું મારા હિસ્સાની ૨૫ વીઘા જમીન તેને આપવા માંગુ છું. હું તેને મારો પુત્ર માનું છું. દરરોજ સવારે હું જાગીને મોદીની તસવીર જોઉં છું. હું મારા બાળકોને અને ગામના લોકોને કહું છું કે તેઓ તેમની દીકરી મોદીને આપી દે.એક ખાનગી ચેનલ સાથે વાત કરતા વૃદ્ધ મહિલાએ કહ્યું કે મોદી મારા પુત્ર છે, તેઓ મારા જેવી કરોડો વિધવા મહિલાઓને પેન્શન આપી રહ્યા છે. તેમણે ખેડૂતોને ઘઉં-ચોખા અને અનાજ આપ્યું. જો પાકને નુકસાન થશે તો યોગ્ય વળતર પણ આપશે. અમને રહેવા માટે પાકું મકાન આપ્યું. વૃદ્ધોને તીર્થયાત્રાએ જવા દો... બીજી તરફ, મંગીબાઈએ વડા પ્રધાનને વિનંતી કરી છે કે વૃદ્ધાવસ્થા પેન્શનમાં વધારો કરવામાં આવે.

# બુધવારે લગ્નનું છેલ્લું મુર્હુત ગુરૂવારે દેવપોઢી એકાદશી

બુધવારે લગ્નનું છેલ્લું મુર્હુત : ગુરૂવારે દેવપોઢી એકાદશી

તા. ૨૮-૬-૨૩ને બુધવાર અષાઢ શુદ દશમનાં દિવસે લગ્નનું છેલ્લું મુર્હુત છે. પંચાગનાં નિયમ મુજબ દેવતા પોઢી જાય એટલે લગ્ન થઈ શકતા નથી અને દેવતા જાગે એટલે લગ્ન થઈ શકે છે. ગુરૂવારે ૨૯-૬-૨૩નાં દિવસે દેવપોઢી એકાદશી છે. આથી લગ્નનાં મુર્હુતોને બ્રેક લાગશે. દેવદિવાળી તા. ૨૩-૧૧-૨૩નાં દિવસે છે ત્યારબાદ લગ્નાં શુભ મુર્હુતો શરૂ થશે. આ વર્ષે પુરૂષોતમ મહિનો હોવાથી ગુજરાતી મહીના પ્રમાણે આશરે સાડા પાંચ માસ પછી લગ્નનાં શુભમુર્હુતોની શરૂઆત થશે.

દિવાળી પછી લગ્નનાં શુભ મુર્હુતોમાં નવેમ્બર માસમાં તા. ૨૭, ૨૮, ૨૯ અને ડીસેમ્બર માસમાં તા. ૬,૭,૮,૧૪, ૧૫ છે. આમ દિવાળી પછી નવેમ્બર મહીનામાં અને ડીસેમ્બર મહીનામાં લગ્નનાં શુભમુર્હુતો સારા છે અને ત્યારબાદ ૧૬-૧૨-૨૩થી ૧૪-૧-૨૪ સુધી ધનારક કમુર્હુતા છે. અને ત્યારપછી પણ લગ્નનાં સારા મુર્હુતો છે.

મુખ્ય તહેવાર તથા વ્રતોની યાદી

દેવપોઢી એકાદશી તા. ૨૯-૬-૨૩ ગુરૂવારે તથા મોળાકત વ્રતનો પ્રારંભ, જયા પાર્વતી વ્રત તા. ૧-૭-૨૩ શનિવારે, ગુરૂપૂર્ણિમા તથા મોળાકત વ્રતનું જાગરણ તા. ૩-૭-૨૩ સોમવારે, જયા પાર્વતી વ્રતનું જાગરણ તા. ૫-૭-૨૩ને બુધવારે, કામીકા એકાદશી તા. ૧૩-૭-૨૩ ગુરૂવારે, દિવાસો જાગરણ એવ્રતજીવ્રત તથા હરીયાળી અમાસ તા. ૧૭-૭-૨૩ સોમવારે છે.

-શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન)

# સોમનાથ શોપિંગ વાનરસેના ગીર સોમનાથ જિલ્લામાં એકથી ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું







પ્રભાસ પાટણ સોમનાથ તા. ૨૬

સોમનાથ શોપિંગ સેના દ્વારા સૌ પ્રથમવાર ગીર સોમનાથ જિલ્લામાં એચ એસ સીમા પ્રથમ દ્વિતીય અને તૃતીય મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું જેમાં ગઢીયા મનીષ જીવાભાઈ ૯૯.૮૪ પીઆર સાથે પ્રથમ સ્થાન ૨) ગઢીયા જ્યોતીબેન ધનજીભાઈ ૯૯.૬૯ પીઆર સાથે દ્વિતીય સ્થાને (૩) ચાવડા પ્રિયંકાબેન જયંતભાઈ ૯૮.૪૬ પીઆર સાથે તૃતીય સ્થાને આવેલ છે.

# ગુજરાતમાં વધુમાં વધુ બેઠકો જીતવા કોંગ્રેસે કવાયત હાથ ધરી

## શક્તિસિંહ ગોહિલ રાજકોટમાં કોંગ્રેસ સેવાદળની શિબિર યોજશે

રાજકોટ,તા.૨૬

આગામી લોકસાભા ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો એકશનમાં આવી ગયા છે, આગામી ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં રાજ્યમાં વધુમાં વધુ બેઠકો જીતવા માટે કોંગ્રેસે કવાયત હાથ ધરી દીધી છે. તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવા અધ્યક્ષ બનેલા શક્તિસિંહ ગોહિલે કાર્યકર્તાઓમાં નવો જોશ ભરવા માટે તૈયારીઓ આરંભી દીધી છે. માહિતી પ્રમાણે, આગામી દિવસોમાં રાજકોટમાં કોંગ્રેસ સેવાદળની શિબિર યોજાશે, આ દરમિયાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ રાજકોટમાં આવશે, પ્રદેશ કોંગ્રેસ સેવાદળના કાર્યકરો માટે ત્રણ દિવસનો વર્કશોપ પણ યોજાશે. જેમાં શક્તિસિંહ ગોહિલની સાથે કોંગ્રેસ સેવાદળના રાષ્ટ્રીય પ્રમુખ લાલજીભાઈ દેસાઈ પણ હાજર રહેશે. ખાસ વાત છે કે, લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતમાં કોંગ્રેસ સેવાદળને સંગઠિત કરવાની કવાયત છે. આવતા સપ્તાહમાં સંભવિત મીટીંગનું પણ આયોજન છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં લોકસભાની વધુમાં વધુ બેઠકો કબજે કરવા માટે કોંગ્રેસે અત્યારથી તૈયારીઓ આરંભી દીધી છે. હાલમાં જ પ્રદેશ કોંગ્રેસના નવા અધ્યક્ષ તરીકે શક્તિસિંહને જવાબદારી સોંપવામાં આવી છે.

# મંજૂરી વગર દરિયામાં ગેરકાયદેસર રીતે માછીમારી કરતા સલાયાના ત્રણ શખ્સો સામે કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ચોમાસાની ઋતુના કારણે દરિયામાં માછીમારી કરવા સામે પ્રતિબંધ અંગેનું જાહેરનામું અમલમાં છે.તેમ છતાં પણ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે સફીક ઢોરા ખાતે આવેલા દરિયામાં મંજૂરી વગર હોળી લઈને માછીમારી કરવા સબબ સલાયાના બચુ અબ્દુલ સંગાર (ઉ.વ. ૪૦), અલી દાઉદ રાજા (ઉ.વ. ૫૦) અને આદમ કાસમ લોરૂ (ઉ.વ. ૫૨) નામના ત્રણ શખ્સોને શનિવારે રાત્રે સ્થાનિક પી.એસ.આઈ. વી.એન. સીંગરખીયા તથા સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ઝડપી લેવામાં આવ્યા હતા.

